RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 24-07-2026 I VOL : 12 I Issue : 129 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

દરેક નિષ્ફળતા એક નવો પાઠ શીખવે છે. લક્ષ્ય સ્પષ્ટ હોય તો રસ્તો મળી જ જાય.

3

મેઘરાજાએ દ.ગુજરાતને ધમરોળ્યું, ચીખલી-ધોળકામાં 18-18 ઈંચ વરસાદ

4


હોર્મુઝ બાદ હવે રાતા સમુદ્રનો માર્ગ પણ બંધ થવાના આરે

6

સુનિધિ ચૌહાણે કેમ છોડી દીધો રિયાલિટી શો? ગાયિકાએ જણાવ્યું...

7

ભારતે ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવ્યું, સિરીઝમાં 1-0ની લીડ મેળવી

## એક નજર...

### વ્હાઈટ બ્રાઈડલ લહેંગામાં એક્ટ્રેસ અનન્યાએ આપ્યા ગ્લેમરસ પોઝ



બોલીવુડ સ્ટાર અનન્યા પાંડે તેની અદભુત સ્ટાઈલ માટે જાણીતી છે. તેનો દરેક લુક સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થાય છે. તાજેતરમાં, તેણે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ફોટા શેર કર્યા છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. લોકો સોશિયલ મીડિયા પર તેના આ બ્રાઈડલ લૂકના વખાણ કરી રહ્યા છે. તેનો લુક અનોખો અને સ્ટાઈલિશ છે.

## CJPએ ડિજિટલ પેમ્ફલેટ દ્વારા માહિતી શેર કરી

# પેપર લીક મામલે હવે આકરા પાણીએ કોકરોચ જનતા પાર્ટી, આજે રાષ્ટ્રવ્યાપી આંદોલનની જાહેરાત

નવી દિલ્હી

જંતર-મંતર પર વિદ્યાર્થીઓના ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે કોકરોચ જનતા પાર્ટી(CJP)એ એક મોટો નિર્ણય લીધો છે. CJPએ શુક્રવાર, 24 જુલાઈએ દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓને તેમાં જોડાવા અપીલ કરી છે. દેશવ્યાપી પ્રદર્શન અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ આ પ્રદર્શન પેપર લીક મામલે અને વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને લઈને આયોજિત કરવામાં આવી રહ્યું છે. આંદોલનકારી વિદ્યાર્થીઓ સતત કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

ડિજિટલ પેમ્ફલેટ સોશિયલ મીડિયા પર વાયરલ સીજીપીએ આ પ્રદર્શન અંગેની માહિતી એક ડિજિટલ પેમ્ફલેટ દ્વારા શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. પાર્ટીએ લોકોને શાંતિપૂર્ણ રીતે એકઠા થઈને એકતા દર્શાવવા વિનંતી કરી છે. સંગઠને દરેક જિલ્લામાં એક દિવસ માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો આગ્રહ કર્યો છે, જેથી દેશભરમાં પોલીસ કાર્યવાહીનો ભોગ બનેલા લોકો પ્રત્યે સમર્થન દર્શાવી શકાય. પોસ્ટરમાં 'Every District. One Day. One Demand'નો નારો આપવામાં આવ્યો છે. આ કાર્યક્રમ 24 જુલાઈએ યોજાશે, જેના માટે સ્થાનિક સ્તરે પરવાનગી અને વ્યવસ્થાઓ કરવા માટે વિદ્યાર્થી સંગઠનોને સૂચના આપવામાં



આવી છે. એસઓપી અને મેમોરેન્ડમ વેબસાઈટ પર ઉપલબ્ધ CJPએ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓની માંગણીઓ જાહેર કરવા અને કાનૂની મદદ તેમજ સમર્થન આપવા જણાવ્યું છે. આ માટે Standard Operating Procedure (SOP), પ્રચાર સામગ્રી અને આવેદનપત્ર(Memorandum)નો ડ્રાફ્ટ પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યો છે. પોસ્ટરના અંતે 'ઈંકલાબ ઝિંદાબાદ' અને 'ભારત માતા કી જય'ના નારા સાથે લોકોને પ્રદર્શનમાં જોડાવા હાકલ કરાઈ છે.

# રાહુલે વિપક્ષ સાથે ગાંધી સ્મૃતિ સુધી માર્ચ કાઢી

### રાષ્ટ્રગાન ગાયું, મોબાઈલની ટોર્ચ સળગાવીને પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જનો વિરોધ કર્યો

નવી દિલ્હી

પેપર લીક અને વિદ્યાર્થીઓના પ્રદર્શન પર લાઠીચાર્જ સામે રાહુલ ગાંધીએ વિપક્ષના નેતાઓ સાથે ગુરુવારે સાંજે તેમના ઘરેથી ગાંધી સ્મૃતિ સુધી માર્ચ કાઢી. તેમની સાથે શિવસેના (UBT), NCP (SP), TMC, JMM, RJD, લેફ્ટ, સમાજવાદી પાર્ટી અને આઈયુએમએલના નેતાઓ પણ સામેલ હતા. રાહુલે કહ્યું- પેપરલીકના કારણે જે વિદ્યાર્થીઓને ગુમાવ્યા છે, અમે તેમને યાદ કરી રહ્યા છીએ. આપણા વિદ્યાર્થીઓ રસ્તાઓ પર છે, તેથી વિપક્ષના તમામ સાંસદોને લાગ્યું કે આપણે પણ રસ્તાઓ પર ઉતરવું જોઈએ. આ માર્ચ પહેલાં તેમના ઘરે વિપક્ષી સાંસદોએ બેઠક કરી હતી. આ માર્ચ શરૂ થાય તે પહેલાં પોલીસે સુરક્ષા વ્યવસ્થાની તૈયારી કરી રાખી હતી. જગ્યાએ-જગ્યાએ બસો અને બેરિકેડ્સ લગાવી રાખ્યા હતા. જેવો માર્ચ શરૂ થયો, તેમનો રસ્તો રોકી દેવામાં આવ્યો. જોકે આશરે 10 મિનિટ પછી રસ્તો ખોલી દેવામાં આવ્યો. આ પહેલાં 21 જુલાઈએ મલ્લિકાર્જુન ખડગેના જન્મદિવસ પર રાહુલ-પ્રિયંકા સહિત કોંગ્રેસના નેતાઓએ પીએમ હાઉસ સુધી માર્ચ કાઢી હતી. ત્યાં 2 કલાક સુધી ધરણા પર બેસી રહ્યા હતા.

# જંતર-મંતર પર આંદોલન વચ્ચે વધુ એક પેપર લીક, ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીની 2 પરીક્ષાઓ રદ

### ઑગસ્ટમાં ફરી પરીક્ષા લેવાશે. દેશભરમાં પેપર લીકના વિરોધ વચ્ચે આ ઘટનાથી યુનિવર્સિટીની ભૂમિકા પર સવાલ ઉઠ્યા

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર પેપર લીક મામલે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે, ત્યારે ઉત્તરાખંડમાં પણ વધુ એક પેપર લીકની ઘટના સામે આવી છે. ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના 2 પેપર કથિત રીતે લીક થયા બાદ બંને વિષયની



પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. આ મામલે શિવાલીક કૉલેજના પ્રોફેસર આશિષ કુમાર સામે કેસ નોંધવામાં આવ્યો છે અને ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. પ્રોફેસરે વોટ્સએપ ગ્રૂપમાં મોકલ્યા પ્રશ્નો શિવાલીક કૉલેજ ઓફ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર આશિષ કુમાર પેપર સેટર તરીકે કામ કરતા હતા. તેમના પર આરોપ છે કે, તેમણે 8 જુલાઈ રોજ યોજાયેલી પરીક્ષા પહેલાં 'Machine Learning for Internet of Things' વિષયના પરીક્ષાને મળતા આવતા 90% સવાલો પોતાના 22 વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રૂપમાં મોકલી દીધા હતા. તપાસ દરમિયાન ખબર પડી કે આ સિવાય અન્ય એક પેપર પણ પહેલાથી લીક થઈ ચૂક્યું હતું. વીર માધો સિંહ ભંડારી ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર તૃપ્તા ઠાકુરે જણાવ્યું કે 'અમે આગામી 7 વર્ષ માટે તે શિક્ષકને પરીક્ષાની તમામ કામગીરીમાંથી હટાવી દીધા છે. શિક્ષકે પોતાના 22 બાળકો માટે આ ગેરરીતિ આચરી છે. આવા શિક્ષકોને પરીક્ષામાં ક્યારેય સામેલ ન કરવા એ અમારી નૈતિક ફરજ છે.

અમે કૉલેજ દ્વારા કરાયેલી કાર્યવાહીથી સંતોષી નથી અને કૉલેજને શિક્ષક સામે કેસ નોંધવા જણાવ્યું છે.' ઑગસ્ટ મહિનામાં ફરી લેવાશે પરીક્ષા લીક થયેલા બંને પેપર રદ કર્યા બાદ હવે યુનિવર્સિટી દ્વારા આગામી ઑગસ્ટ મહિનામાં ફરીથી પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. વાઈસ ચાન્સલરે ખાતરી આપી છે કે ટૂંક સમયમાં જ પરીક્ષાની નવી તારીખો જાહેર કરવામાં આવશે. દેશભરમાં પેપર લીક સામે વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે આ ઘટના સામે આવતા કૉલેજની ભૂમિકા સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

## NEWS TRACK

### મસ્કને મોટો ઝટકો, 1 જ દિવસમાં 44.4 અબજ ડૉલર ગુમાવ્યા, ટેસ્લા-સ્પેસએક્સના શેર ધડામ

ઈલોન મસ્કની કંપની ટેસ્લા (Tesla)ના શેર્સમાં બુધવારે, 22 જુલાઈના રોજ આશરે 5%નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે જ ઈલોન મસ્કની બીજી કંપની સ્પેસએક્સ (SpaceX)ના શેર્સમાં પણ 6%થી વધુનો કડાકો બોલ્યો હતો. કંપનીઓના શેર્સ તૂટવાના કારણે ઈલોન મસ્કને એક જ દિવસમાં 44.4 અબજ ડૉલરનું જંગી નુકસાન વેઠવું પડ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, હવે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની કુલ સંપત્તિ ઘટીને 745 અબજ ડૉલર રહી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ ઈલોન મસ્ક ટ્રિલિયોનર બન્યા હતા. ટેસ્લાના પરિણામો અને શેર્સમાં કડાકો એપ્રિલથી જૂન ત્રિમાસિક ગાળાના મિશ્ર પરિણામો જાહેર કર્યા બાદ ટેસ્લાના શેર્સમાં આ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, કંપનીની આવક અપેક્ષા કરતાં વધુ રહી હતી, પરંતુ નફામાં મોટો ઘટાડો અને નેગેટિવ ફ્રી કેશ ફ્લોને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો હતો. એક્સટેન્ડેડ ટ્રેડિંગમાં ટેસ્લાના શેર 4.4% ઘટીને 374.01 ડૉલર પર આવી ગયા હતા.

### ઈરાન સામે પહેલીવાર અમેરિકાએ ઘાતક B-1 બોમ્બર વિમાન ઉતાર્યું, મહાયુદ્ધના ભણકારાં

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતી જંગ હવે વધુ ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે. અમેરિકન સેનાએ મંગળવારે પ્રથમ વખત B-1 લાન્સર લોંગ-રેન્જ બોમ્બરનો ઉપયોગ કરીને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના ઠેકાણાઓ પર ભીષણ હુમલો કર્યો છે. અમેરિકન અધિકારીઓના જણાવ્યા મુજબ, 12 દિવસ પહેલા યુદ્ધ ફરી શરૂ થયા બાદ આ પહેલીવાર બન્યું છે જ્યારે B-1 લાન્સર બોમ્બરને મિશન પર મોકલવામાં આવ્યું હોય. B-1 બોમ્બરની તાકાત અને હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ B-1 બોમ્બર અમેરિકન વાયુસેનાનું સૌથી શક્તિશાળી વિમાન છે, જે ઓછી ઊંચાઈ પર અવાજ કરતાં પણ વધુ ઝડપે ઉડીને સૌથી વધુ વજનના બોમ્બ લઈ જઈ શકે છે. આ વિમાન 2,000 પાઉન્ડના બે ડઝન જેટલા બોમ્બ અથવા ડઝનબંધ મિસાઈલ લઈ જવા માટે સક્ષમ છે અને તેણે બ્રિટનના એરબેઝ પરથી ઉડાન ભરી હતી. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ બોમ્બરે ઈરાનના સૈન્ય મથકો, ડ્રોન સ્ટોરેજ, વિમાન હેંગર અને દરિયાઈ ક્ષમતા વાળા ઠેકાણાઓ પર હુમલા કર્યા છે.

# કાયદાના ધજાગરા: કરજણમાં ખાખી અને ખાદીના કાળા કારોબારનો મહાધડાકો!

## પોલીસ સ્ટેશનથી માત્ર બે કિલોમીટરના અંતરે દેશી-વિદેશી દારૂ અને વરલી મટકાના અડ્ડાઓ બેફામ ધમધમી રહ્યા છે. જેલ રિટર્ન વહીવટદાર હનુભા અને LCB ના ASI ભૂપત રબારીના રાજમાં ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાના ચિથરેચિથરા ઊડી રહ્યા છે

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી ગઈ હોવાના અનેક કિસ્સાઓ તમે સાંભળ્યા હશે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જે રીતે કાયદા અને વ્યવસ્થાની ખુલ્લેઆમ હરાજી થઈ રહી છે, તે જોઈને આખું ગૃહ મંત્રાલય અને પોલીસ બેડો શરમમાં મુકાઈ જાય તેમ છે. સત્તાના નશામાં અંધ થયેલી ખાદી અને હપ્તાખોરીમાં આંધળી થયેલી ખાખીની સાઠગાંઠે સમગ્ર કરજણ તાલુકાને ગુનાખોરીનું સડેલું હબ બનાવી દીધું છે.

### ગામડે-ગામડે પથરાયેલું દારૂ અને જુગારનું કાળું જાળું: આંકડા સાથે પર્દાફાશ

કરજણ તાલુકામાં કઈ જગ્યાએ, કોના સંરક્ષણ હેઠળ અને કયા આકાઓની છત્રછાયામાં આ કાળો કારોબાર ચાલે છે, તેનો વિગતવાર પર્દાફાશ નીચે મુજબ છે:

કરમડી ગામ (પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી): કરજણ પોલીસ સ્ટેશનની બિલકુલ નાકની નીચે આવેલા આ ગામમાં રાત-દિવસ દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી ધુમાડા નીકળે છે. પોલીસની ગાડીઓ ત્યાંથી સાયરનો વગાડતી પસાર થાય છે પણ આ ભઠ્ઠીઓ સુધી પહોંચવાની તેમની હિંમત ચાલતી નથી.

કુરાલી ગામ (નવી નગરી): પાણીની ટાંકી પાસે નગીન નામનો શખ્સ ખુલ્લેઆમ વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડીને યુવાનોની મહેનતની કમાણી લૂંટી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહત પાસે આ જ નગીન દ્વારા જુગારનો બીજો અડ્ડો નિર્ભયપણે ચલાવવામાં આવી રહ્યો છે.


રાણાપુર અને ચીમકી ગામ: રાણાપુર ગામનો સરપંચ પાર્થ શાહ, જે ભાજપ યુવા મોરચાના હોદ્દાનું પીઠબળ ધરાવે છે, તેના દ્વારા ચીમકી ગામમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારીને વેચાણ કરાવવામાં આવતું હોવાના સનસનાટીભર્યા આક્ષેપો થઈ રહ્યા છે.


**99 ગામોમાં હપ્તા રાજનો અડ્ડો અને મહિને કરોડોનું કાળું કમાઉ ધામ!**

કંડારી ગામ: ટાવર પાસે પ્રદીપ વસાવા નામનો શખ્સ બેફામપણે ઈંગ્લિશ દારૂનું વેચાણ કરી રહ્યો છે.

બારીયાવાસ: અહીં પરેશ કાંતિલાલ નામનો રીઢો બૂટલેગર વિદેશી દારૂનો ખુલ્લો વેપાર ચલાવે છે. સસ્પેન્ડેડ વહીવટદારની પુનઃ એન્ટ્રી: 'પોલીસનો વહીવટદાર જ પોતે મોટો બૂટલેગર!'

### આ સમગ્ર કૌભાંડમાં સૌથી શરમજનક બાબત ખાખી વર્દીમાં છુપાયેલા કેટલાક કથિત વહીવટદારોનો ખેલ છે:


ભૂપત રબારી


હનુંભા કામડીયા

1. સસ્પેન્ડેડ હનુભા કામડીયાની દાદાગીરી: ભૂતકાળમાં વિદેશી દારૂના ગંભીર કેસમાં સંડોવાયેલા, જેલની હવા ખાઈ આવેલા અને સસ્પેન્ડ થઈ ચૂકેલા હનુભા કામડીયા નામના કર્મચારીને કરજણના એક વગદાર રાજકીય નેતાના ઈશારે ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં ગોઠવી દેવાયો છે. સૂત્રોના ચોંકાવનારા ખુલાસા મુજબ, હનુભા કરજણ સબ જેલ કે તાલુકામાં ગમે ત્યાંથી પકડાયેલો ઈંગ્લિશ દારૂ જપ્ત કરવાના બદલે બૂટલેગરોને જ વેચી મારીને લાખો રૂપિયાની કાળી કમાણી ઊભી કરે છે.

2. LCB ASI ભૂપત રબારીનો દબદબો: ડભોઈ બીટમાં ફરજ બજાવતા એએસઆઈ ભૂપત રબારી, જે આખા જિલ્લાની LCB નો વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો છે, તેમનો રોફ અને દબદબો જિલ્લા પોલીસ વડા (SP) કરતાં પણ વધુ હોવાની ચર્ચાઓ વડોદરા પોલીસ બેડામાં ચગી રહી છે.

3. ૯૯ ગામો અને કરોડોનું કાળું ભરણ: કરજણ તાલુકાના ૯૯ ગામોમાંથી ગામદીઠ રૂ. ૧ થી ૧.૫ લાખનો હપ્તો ગણીએ તો પણ દર મહિને કરોડો રૂપિયાનું કાળું ભરણ એકઠું કરીને ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડાય છે. આ સિવાય વગદાર નેતાઓને વિદેશી દારૂની મોંઘીદાટ બોટલો નજરાણા તરીકે પહોંચાડવામાં આવે છે.

### ગૃહરાજ્યમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવા સામે ખુલ્લો પડકાર!

રાજ્યના ગૃહ મંત્રી અવારનવાર દારૂ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ'ના ભાષણો આપે છે. પરંતુ કરજણના આ દ્રશ્યો જોઈને લાગે છે કે ભ્રષ્ટ ખાખી અને રાજકીય કડાં પહેરેલા નેતાઓ સીધા ગૃહ મંત્રીના આદેશોને પગતળે કચડી રહ્યા છે. યુવાધન દારૂ અને જુગારના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે અને તંત્ર મલાઈ ખાવામાં મશગૂલ છે.

'પાક્કો ગુજરાત'ના ૫ ઘાતક સવાલો - તંત્રમાં હિંમત હોય તો જવાબ આપે:

1. જે કર્મચારી દારૂના કેસમાં જેલ જઈ આવ્યો હોય, તેને જ ફરીથી કરજણમાં કયા આકાના ઈશારે સેટ કરવામાં આવ્યો?

2. પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી દૂર ચાલતી દારૂની ભઠ્ઠીઓ જિલ્લા એસ.પી. કે LCB PI ને કેમ દેખાતી નથી? શું તેમના સુધી હપ્તાનો હિસ્સો પહોંચી જાય છે?

3. જે પકડાયેલો દારૂ જ બૂટલેગરોને વેચી મારતો હોય તેવા હનુભા કામડીયા સામે ગુનો નોંધી તેને જેલમાં ક્યારે ધકેલાશે?

4. શું ડભોઈ બીટના એએસઆઈ ભૂપત રબારી આખા જિલ્લાની LCB ચલાવે છે તે વાત સાચી છે?

5. જો કરજણમાં દારૂ-જુગારના લીધે કોઈ પરિવાર બરબાદ થશે કે હત્યા જેવો ગુનો બનશે, તો તેની જવાબદારી કોની? SP, LCB PI કે સ્થાનિક ધારાસભ્યની?

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## દાંતામાં બોગસ ડોક્ટરો દ્વારા દવાનો જથ્થો જાહેરમાં ફેંકવામાં આવ્યો

દાંતા

હડાદ તાલુકામાં ઘણા એવા ડોક્ટરો બંને બેઠેલા તેઓ લોકોના આરોગ્ય સાથે છેડા કરીને દિવસના હજાર રૂપિયા ગરીબ લોકો પાસેથી પડાવી રહ્યા છે ત્યારે હડાદ, દાંતા,નવાવાસ,જીતપુર માંકડી માં તો બોગસ ડોક્ટરો તો મોટી મોટી હોસ્પિટલો ખોલીને બેસી ગયા છે કે જ્યારે એમબીબીએસ હોય તે જ રીતે લોકોને ત્યાં ભરતી કરીને બોટલો ચડાવતા હોય છે ત્યારે આવા બોગસ ડોક્ટરો એક્સપાયર્ડ ડેટની દવાઓ જાહેરમાં ફેંકતા હોય છે ત્યારે આવા ડોક્ટરો ઉપર કયા અધિકારીઓના ચારે હાથ રહ્યા છે તે બિન્દાસથી કોઈપણ ડર વગર લોકોના આરોગ્ય સાથે છેડા કરતા હોય છે ત્યારે આવા બોગસ ડોક્ટરો ઉપર કેમ કોઈ કાર્યવાહી કરવા નથી આપતી તેવા સવાલો ઉઠી રહ્યા છે ત્યારે આવા ડોક્ટરો ઉપર કાર્યવાહી ન થતા આ લોકો પાસેથી ઉચ્ચ અધિકારીઓ નું મસ્ત મોટું દર મહિને સેટિંગ હોય તેવું લાગી રહ્યું છે જો સેટિંગ ના હોય તો આવા બોગસ ડોક્ટર ઉપર કેમ કાર્યવાહી કરવા નથી આવતી તેવા પણ સવાલ ઉઠી રહ્યા છે.

## બોડેલી મેરીયા બ્રિજ નીચે બનાવાયેલ જનતા ડાયવર્ઝન ધોવાયું : વરસાદી પાણીના પ્રવાહમાં ડાયવર્ઝન ધોવાતા ભારે વાહનચાલકો માટે મુશ્કેલી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

બોડેલી સહિત છોટાઉદેપુર જિલ્લામાં સવારથી જ મેઘમહેર, નદી-નાળામાં પાણીની આવક જોવા મળી રહી છે

બોડેલી સહિત છોટાઉદેપુર જિલ્લામાં આજે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. દરમિયાન બોડેલી નજીક આવેલા મેરીયા બ્રિજ નીચે ભારે વાહનોની અવરજવર માટે બનાવવામાં આવેલું જનતા ડાયવર્ઝન વરસાદી પાણીના પ્રવાહમાં ધોવાઈ ગયું હોવાનું સામે આવ્યું છે. મેરીયા નદીમાં પાણીની આવક થતાં ડાયવર્ઝન પર પાણી ફરી વળતા રસ્તાનો કેટલોક ભાગ ધોવાઈ ગયો હતો. ડાયવર્ઝન ધોવાઈ જતાં ભારે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદ ચાલુ રહેતા નદીના પાણીના પ્રવાહમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાઓમાં આજે વહેલી સવારથી જ વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે, જેના પગલે ખેડૂતો અને લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## અતિવૃષ્ટિને પગલે સુરત, નવસારી અને વલસાડ માટે ગુજરાત સરકારે IAS અધિકારીઓને તાત્કાલિક જવાબદારી સોંપી

વિરમગામ, વંદના નીલકંઠ વાસુકિયા

દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂર જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે બે વરિષ્ઠ IAS અધિકારીઓને તાત્કાલિક અસરથી જિલ્લાવાર દેખરેખ અને સંકલનની જવાબદારી સોંપી છે. સરકારના આદેશ અનુસાર રેમ્યા મોહન IAS (કમિશનર ઑફ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન અને હોદ્દાની રૂએ મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડ અને એડિશનલ ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર) ને નવસારી અને સુરત જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે આલોક કુમાર પાંડે IAS (સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર)ને વલસાડ જિલ્લાની પરિસ્થિતિ પર દેખરેખ રાખવા મોકલવામાં આવ્યા છે. આ અધિકારીઓએ તાત્કાલિક અસરથી જે તે જિલ્લામાં હાજર થઈને જિલ્લા કક્ષાના અધિકારીઓ તથા અન્ય એજન્સીઓ / વિભાગો સાથે સંકલન કરી કામગીરી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગરના મોટી શિહોલીમાં પરિવારની ગાઢ નિદ્રાનો લાભ ઉઠાવી 16.45 લાખની મત્તા ચોરીને ફરાર

દાંતા

ગાંધીનગર તાલુકાના મોટી શિહોલી ગામે સધીમાતા વાસમાં રાત્રિના સમયે ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. પરિવારજનો ઘરના આગળના ભાગે ગાઢ નિદ્રામાં હતા ત્યારે શાતિર તસ્કરોએ મકાનના પાછળના રૂમના દરવાજાના મજાગરા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

ચોરોએ તિજોરી તોડીને અંદર રાખેલા રૂ. ૧૬.૪૫ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ પર હાથફેરો કર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

## દેવગઢ બારિયામાં 28 જુલાઈએ સ્થાનિક રજા જાહેર, નગરપાલિકા પેટા ચૂંટણીને લઈ જિલ્લા કલેક્ટરનો આદેશ

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરપાલિકાની પેટા ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટરે દેવગઢ બારિયા નગરપાલિકા વિસ્તાર માટે 28 જુલાઈ, મંગળવાર રોજ સ્થાનિક રજા જાહેર કરી છે

જાહેર કરાયેલા આદેશ અનુસાર મતદાનના દિવસે સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો તેમજ અન્ય સરકારી સંસ્થાઓ બંધ રહેશે. મતદારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની તક મળે અને લોકશાહીના આ મહાપર્વમાં વધુમાં વધુ લોકો ભાગીદારી નોંધાવે તે હેતુથી સ્થાનિક રજા જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

જિલ્લા ચૂંટણી તંત્રએ તમામ મતદારોને અપીલ કરી છે કે તેઓ 28 જુલાઈના રોજ પોતાના મતદાન મથક પર પહોંચી નિર્ભય અને નિષ્પક્ષ રીતે મતદાન કરી લોકશાહીને વધુ મજબૂત બનાવે.

### 25મીએ ગાંધીનગરમાં યુવાનોને એકઠા થવા AAPનું આહ્વાન

# નવી દિલ્હીના જંતર-મંતરના આંદોલનની ગુજરાતમાં એન્ટ્રી

**AAP નેતા પ્રવિણ રામે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શિત કરવા ખાસ હાકલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, "દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા વિદ્યાર્થી આંદોલનની આગ હવે ગુજરાત સુધી પહોંચી છે. રાજ્યના તમામ યુવાનો આજે પોતાની કોલેજોમાં કાળી પટ્ટી બાંધીને વિરોધ નોંધાવે અને 25 જુલાઈએ મોટી સંખ્યામાં ગાંધીનગર પહોંચે."**







અમદાવાદ

દિલ્હીના જંતર-મંતર ખાતે NEET પેપર લીક મામલે ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનના સમર્થનમાં હવે ગુજરાતમાં પણ વિરોધના શંખનાદ વાગ્યા છે.

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા દેશભરના વિદ્યાર્થીઓના ભવિષ્યની સુરક્ષા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે આગામી 25 જુલાઈએ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિશાળ આંદોલનની જાહેરાત કરવામાં આવી છે.

AAP નેતા પ્રવિણ રામે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શિત કરવા ખાસ હાકલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, 'દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા વિદ્યાર્થી આંદોલનની આગ હવે ગુજરાત સુધી પહોંચી છે. રાજ્યના તમામ યુવાનો આજે પોતાની કોલેજોમાં કાળી પટ્ટી બાંધીને વિરોધ નોંધાવે અને ૨૫ જુલાઈએ મોટી સંખ્યામાં ગાંધીનગર પહોંચે.'

### વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના આક્ષેપ સાથે સરકાર પર પ્રહાર

AAP ગુજરાત મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરિયાએ દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ એક્શન અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દિલ્હીમાં છેલ્લા ત્રણ દિવસથી શાંતિપૂર્ણ આંદોલન કરી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો છે અને બહેનો-દીકરીઓ સાથે ગેરવર્તણૂક કરવામાં આવી છે.

NEET પેપર લીક કૌભાંડથી કરોડો યુવાનોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે, જેથી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ત્વરિત રાજીનામું આપવું જોઈએ. જ્યારે દેશનો યુવા પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવી રહ્યો હોય ત્યારે દમન કરવાને બદલે સરકારે તેમની માંગણીઓ સાંભળવી જોઈએ.

### 25મી જુલાઈએ ગાંધીનગરમાં એકઠા થવા આહ્વાન

પાયલ સાકરિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, 25 જુલાઈએ સવારે 10 વાગ્યે ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે એક વિશાળ વિરોધ પ્રદર્શન યોજાશે, જેમાં AAPના તમામ નેતાઓ અને કાર્યકરો જોડાશે.

શિક્ષણ વ્યવસ્થા અને યુવાનોના હિતમાં ગુજરાતના તમામ નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને આ આંદોલનમાં જોડાઈને તેને મજબૂત બનાવવા માટે અપીલ કરવામાં આવી છે.

### પેપર લીક અને દિલ્હી લાઠીચાર્જ મુદ્દે રાણપુરમાં ચક્કાજામ

# રાણપુરમાં ચાલુ વરસાદે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન,પોલીસ દ્વારા અટકાયત






રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુરમાં કોંગ્રેસ દ્વારા ચાલુ વરસાદે રસ્તા રોકો આંદોલન અને ચક્કાજામ સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના પેપર લીક થવા અને દિલ્હીમાં આંદોલનકારી વિદ્યાર્થીઓ પર પોલીસ લાઠીચાર્જના વિરોધમાં આ પ્રદર્શન યોજાયું હતું.

રાણપુર બસ સ્ટેશન ચાર રસ્તા પાસે કોંગ્રેસના કાર્યકરો વરસતા વરસાદમાં રોડ પર બેસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી તેમને પોલીસ વાનમાં બેસાડ્યા હતા.

કોંગ્રેસે વારંવાર પરીક્ષાના પેપર લીક થવાની ઘટનાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઘટનાઓને કારણે લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આર્થિક અને માનસિક નુકસાન વેઠવું પડે છે.

આ મુદ્દે સરકાર દ્વારા નક્કર પગલાં ન લેવાતા, વિદ્યાર્થીઓ દિલ્હીના જંતર મંતર ખાતે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસ છોડી અને બળપ્રયોગ કરી લાઠીચાર્જ કર્યો હતો.

દિલ્હી પોલીસની આ કાર્યવાહીના વિરોધમાં રાણપુરમાં કોંગ્રેસે સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો.

રાણપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ, બોટાદ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ, રાણપુર શહેર કોંગ્રેસ પ્રમુખ, રાણપુર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ સહિત અનેક કોંગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

## શહેરાના સિંધી ચોકડી પાસે રોડની બાજુમા આવેલી ખુલ્લી ગટરથી નાગરિકોમાં અકસ્માતનો ભય

શહેરા



પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાં અણિયાદ ચોકડી અને સિંધી ચોકડી નજીક મુખ્ય માર્ગ પર આવેલી ગટરો ખુલ્લી હાલતમાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓમાં અકસ્માતનો ભય ફેલાયો છે. ચોમાસાની પ્રિ મોન્સુન કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ગટરોની સાફસફાઈ કરવામાં આવે તે આવકારદાયક છે, પરંતુ સાફસફાઈ બાદ ગટરોના ઢાંકણાં તૂટી જવાને કારણે કે અંદર સરકી જવાને લીધે અનેક જગ્યાએ ગટરો ખુલ્લી છોડી દેવામાં આવી છે.નવા ઢાંકણા મુકવામા આવે તે જરુરી છે. જેથી કોઈ અકસ્માત થતો રોકી શકાય. શહેરા નગરની સિંધી ચોકડી પાસે આવેલી એક ગટર પર તૂટેલું ઢાંકણું અડધું-પડધું મૂકીને કામચલાઉ ઢાંકવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો છે. આ વિસ્તારમાં દુકાનો આવેલી હોવાથી રોજનાં અનેક ગ્રાહકો, સ્થાનિક નાગરિકો અને નાના બાળકોની સતત અવરજવર રહે છે. તેવામાં જો કોઈ અજાણતાં આ ખુલ્લી ગટરમાં ખાબકે અને મોટી દુર્ઘટના સર્જાય તો તેનો જવાબદાર કોણ-તેવા તીખા સવાલો સ્થાનિકોમાં ઉઠી રહ્યા છે.

### સાંસદ ડો. હેમાંગ જોષીની રજૂઆત રંગ લાવી

# હાઈવેની PIU કચેરી વડોદરામાં કાર્યરત થશે

## હાઇવે પરના નેરોગેજ બ્રિજ પહોળા કરવાનું કામ પૂર્ણતાના આરે

વડોદરા

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીએ શહેર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર ટ્રાફિક જામની સમસ્યાને લઈને સાંસદના ઝીરો અવર્સમાં રજૂઆત કરી હતી. આ ઉપરાંત તેઓએ નેશનલ હાઈવે ઓથોરિટીની કચેરી અને પીઆઈયુ કચેરી વડોદરામાં કાર્યરત થાય તેવી પણ રજૂઆત કરી હતી જે હવે રંગ લાવી છે. શહેરની આસપાસ નેરોગેજ બ્રિજના સ્થાને નવા લગભગ પૂર્ણતાના આરે છે. હાલમાં ચોમાસુ સત્રમાં કેન્દ્રીય મંત્રીએ સાંસદને આ અંગે પત્ર લખી માહિતી આપી હતી. વડોદરા શહેર અને તેની આસપાસના વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થાપનને વધુ મજબૂત અને સુચારુ બનાવવાના હેતુથી વિશ્વામિત્રી, જાંબુઆ, બામણગામ અને પોર ગામે બ્રિજ નિર્માણની મહત્વપૂર્ણ કામગીરી હવે અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે. જો કે કેટલાક બ્રિજ ઉપરથી વાહનવ્યવહાર શરુ થઈ ગયો છે. વડોદરાથી ભરૂચ અને અંકલેશ્વર સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા વિવિધ ઉદ્યોગોને કારણે સતત ચોવીસ કલાક ધમધમતા આ માર્ગ પર ભારે વાહનોની અવરજવરથી અવારનવાર ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આ વ્યાપક સમસ્યાના કાયમી અને સત્વરે નિરાકરણ માટે વડોદરાના યુવા સાંસદ ડૉ. હેમાંગ જોષીએ સંસદના સત્ર દરમિયાન ઝીરો અવર્સમાં કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ વિભાગના રાજ્યમંત્રી અજય ટમટા સમક્ષ જોરદાર રજૂઆત કરી હતી. સાંસદની આ સચોટ રજૂઆતને પગલે કેન્દ્રીય મંત્રીએ ત્વરિત કાર્યવાહીના આદેશો આપ્યા હતા, જેના પરિણામે ઉપરોક્ત ચારેય સ્થળોએ બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ થવાને આરે આવી છે અને આગામી સમયમાં મધ્ય ગુજરાત તેમજ ભરૂચ-અંકલેશ્વરના ઔદ્યોગિક ક્ષેત્રના વાહનચાલકોને મોટી રાહત મળશે.

આ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અસરકારક સંચાલન અને દેખરેખ માટે શહેરમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સ્થાનિક કચેરી શરૂ કરવી અત્યંત અનિવાર્ય હોવાથી સાંસદ દ્વારા તે મુદ્દે પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

# રાજકોટ શહેર પોલીસના 49 પોલીસકર્મીને હેડ-ક્વાર્ટરમાં મુકાયા

## એક જ સ્થળે 3 કે વધુ વર્ષથી ફરજ બજાવતા કર્મચારીની બદલી : 150થી વધુની પણ ટૂંક સમયમાં બદલી થશે

રાજકોટ

રાજકોટ જિલ્લા પોલીસ બેડામાં મોટા પાયે ફેરફાર બાદ શહેર પોલીસમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ગઈકાલે(22 જુલાઈ) રાતે એક સાથે 49 પોલીસ કર્મચારીઓની પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બદલીઓ કરવામાં આવી છે. જેમાં મોટાભાગે મહિલા પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

એક જ સ્થળે 3 વર્ષ કે તેથી વધુ સમય સુધી ફરજ બજાવતા હોય તેવા મોટા ભાગના તમામ પોલીસ કર્મીઓની બદલી કરવા માટે નિર્ણય કર્યા બાદ ઉચ્ચ અધિકારીઓ દ્વારા યાદી તૈયાર કરી આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં આજે પ્રથમ યાદી જાહેર થયા બાદ આવતા દિવસોમાં બાકી રહેલ 150 જેટલા પોલીસ કર્મીઓની બદલી પણ નજીકના દિવસોમાં કરવામાં આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આજરોજ બદલી પામેલા તમામ પોલીસ કર્મીઓને તાત્કાલિક અસરથી છુટા કરી બદલીના સ્થળે હાજર થવા માટે ફરમાન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા તાજેતરમાં એક યાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં એક સ્થળ પર 3 કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોય તેવા પોલીસ કર્મચારીઓની યાદી બનાવવામાં આવી હતી. આ પછી તૈયાર કરવામાં આવેલ યાદી મુજબ ગઈકાલે 22 જુલાઈ પ્રથમ યાદીમાં એક સાથે 49 પોલીસ કર્મચારીઓની બદલી કરી દેવામાં આવી છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર । 24 જુલાઈ 2026 । અમદાવાદ

## 11 જિલ્લામાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ, 24મીની ગૌણ સેવા પસંદગી મંડળની 6 પરીક્ષા મોકૂફ

# મેઘરાજાએ દક્ષિણ ગુજરાતને કહેર : ચીખલી-ધોળકામાં 18-18 ઈંચ વરસાદ





દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. નવસારીમાં 10 હજાર લોકોનું અને વલસાડમાં 12 હજાર લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. બચાવ અને રાહત કામગીરી આખી રાત ચાલુ રાખવામાં આવશે. હાલ દક્ષિણ ગુજરાતમાં NDRF અને SDRFની ટીમો તૈનાત છે. કેટલાક જિલ્લાઓમાં વીજ પુરવઠો પણ ખોરવાયો છે. 35થી વધુ સ્થળોએ સબ સ્ટેશનમાં ખામી સર્જાતા વીજ પુરવઠો અસરગ્રસ્ત થયો છે. સુરત જિલ્લામાં 3 NDRF અને 5 SDRF જ્યારે વલસાડમાં 3 NDRF અને 5 SDRF ટીમો તૈનાત છે. ઓડિશાથી વધુ 4 ટીમો ગુજરાત આવશે. જેમાં 2 ટીમ વલસાડ અને 1 ટીમ સુરત તરફ મોકલવામાં આવશે. આર્મીની 2 કોલમ વલસાડ જશે, જ્યારે 1 ટીમ નવસારી માટે મોકલવામાં આવશે. બચાવ કામગીરી માટે 25 બોટ વલસાડ રવાના કરવામાં આવી છે. નવસારીમાં જરૂર પડશે તો બોટ મોકલવામાં આવશે.
























## તંત્રી લેખ...

# સોનમ વાંગચુક સાથે પ્રજા ન હોય તો આ તપશ્ચર્યા આત્મઘાતી અનુભૂતિ બની જવાની દહેશત રહે છે

સોનમ વાંગચુકની ડિમાન્ડ ફક્ત વ્યક્તિગત નથી. તેઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને શિક્ષણ સંબંધિત ગંભીર મુદ્દાઓ પર જવાબદારીની માંગ કરી રહ્યા છે. પરંતુ આ આ ઉપવાસનો સૌથી મોટો રાજકીય પડકાર પણ છે. જો સરકાર આ રજૂઆત સ્વીકારે છે, તો તેમાં ફક્ત એક મંત્રી જ સામેલ થશે નહીં, પરંતુ સરકારના નેતૃત્વ, તેના નિર્ણયો અને તેની સમગ્ર રાજકીય વિશ્વસનીયતા પર પણ પ્રશ્નો ઉભા થશે. તેથી, આ માત્ર એકલવાયી ડિમાન્ડ નથી, પરંતુ સત્તાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. આ જ કારણ છે કે હવે પ્રશ્ન એ નથી કે સોનમ વાંગચુક કેટલા સમય સુધી ઉપવાસ ચાલુ રાખશે. પ્રશ્ન એ છે કે શું તેમના ઉપવાસ આ શાસન માટે રાજકીય કે નૈતિક સંકટ ઉભું કરે છે કે નહિ.

આ પ્રશ્ન આપણને આઠ વર્ષ પાછળ લઈ જાય છે. સન ૨૦૧૮ માં, પ્રો. જી.ડી. અગ્રવાલ - એક વિશ્વ વિખ્યાત પર્યાવરણીય વૈજ્ઞાનિક, IIT કાનપુરના ભૂતપૂર્વ વિભાગીય વડા અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રથમ સભ્ય સચિવ - ગંગાને અવિરત અને સ્વચ્છ બનાવવાની ડિમાન્ડ સાથે આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. ૮૬ વર્ષના એક વૈજ્ઞાનિકે ૧૧૧ દિવસ સુધી સત્યાગ્રહ કર્યો. આખરે તેમનું અવસાન થયું. પરંતુ સરકાર અડગ રહી. જો તે ૧૧૧ દિવસના ઉપવાસ સરકારને હચમચાવી શક્યા નહીં, તો એવું માનવું સાર્થક નથી કે ફક્ત ઉપવાસનો સમયગાળો લંબાવવાથી સરકારનું વલણ બદલાઈ જશે. પછી સન ૨૦૧૧ નું અણ્ણા હજારે આંદોલન યાદ આવે છે. અણ્ણાએ જનલોકપાલની માંગણી માટે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. માત્ર ૧૧ દિવસમાં, તત્કાલીન યુપીએ સરકારને વાટાઘાટો કરવાની ફરજ પડી. તેનું કારણ ફક્ત




અણ્ણાના ઉપવાસ નહોતા. તે વખતે લાખો લોકો રસ્તા પર ઉતર્યા, ૨૪ કલાક મીડિયાનું દબાણ, વિપક્ષનો ટેકો અને સરકારને તેની રાજકીય વિશ્વસનીયતા ગુમાવવાનો ડર પણ હતો. પછી ઈતિહાસ આપણને મહાત્મા ગાંધી પાસે લઈ જાય છે. મહાત્મા ગાંધીએ તેમના જીવનમાં અનેક ઉપવાસ કર્યા. ભલે તે અમદાવાદ મિલ કામદારોનો વિવાદ હોય, ૧૯૩૨નો પૂના કરાર હોય, નોઆખલી ઉપવાસ હોય કે ૧૯૪૮નો દિલ્હી ઉપવાસ હોય - દરેક વખતે તેમનો ઉદ્દેશ્ય ફક્ત સરકાર પર દબાણ લાવવાનો જ નહીં પરંતુ સમાજના અંતરાત્માને જાગૃત કરવાનો પણ હતો. બ્રિટિશ સરકાર ક્રૂર હતી, પરંતુ તે પોતાની આંતરરાષ્ટ્રીય છબીની ચિંતા કરતી હતી. ભારતીય જનતા ગાંધીની પાછળ ઉભી હતી. કોંગ્રેસનં નેતૃત્વ પણ તેમની સાથે હતું. તેથી, તેમના દરેક ઉપવાસ નૈતિક અને રાજકીય સંકટ બની ગયા. આ ચાર ઉપવાસોને ફક્ત ભૂખ હડતાળ કહેવા એ ઈતિહાસ અને રાજકારણ બંને માટે અન્યાય હશે. આ પ્રશ્ન કોઈ એક વ્યક્તિ વિશે નથી, પરંતુ સત્યાગ્રહની બદલાતી સુસંગતતા વિશે છે. ભૂખ હડતાળ ત્યારે જ અસરકારક હોય છે જ્યારે સત્તામાં રહેલા લોકોને થોડી દયા હોય, અથવા ઓછામાં ઓછું રાજકીય નુકસાનનો ડર હોય. જ્યારે તેઓ માને છે કે જો ભૂખ હડતાળ કરનારને કંઈક થશે, તો જનતા તેમની વિરુદ્ધ થશે. પરંતુ જો સરકાર સમજે છે કે માંગણીઓનો સ્વીકાર કરવો તેના રાજકીય પ્રોજેક્ટ માટે ખૂબ જોખમી છે, અને જનતા વ્યાપકપણે સહમત નથી, તો તે ઉપવાસ સમાપ્ત કરવા માટે ઉતાવળ કરતી નથી. તે સમય, થાક અને શરીરને તેના ભોગ બનવાની રાહ જુએ છે. ઈતિહાસનું કઠોર સત્ય એ છે કે સત્તા સ્વાભાવિક રીતે જ અસંવેદનશીલ હોય છે. સત્તા પોતાના હિતો દ્વારા ચલાવવામાં આવે છે. સત્યાગ્રહ ત્યારે જ તેને હલાવી શકે છે જ્યારે સમાજ તેની પાછળ ઊભો રહે. એટલા માટે ગાંધી એકલા નહોતા; તેમની પાછળ લાખો ભારતીયો હતા. અણ્ણા એકલા નહોતા; આખું રાષ્ટ્ર તેમની પાછળ ઊભું હોય તેવું લાગતું હતું. પરંતુ જી.ડી. અગ્રવાલ લગભગ એકલા હતા. અને આજે, સોનમ વાંગચુક પણ એવી જ મુશ્કેલ લડાઈ લડી રહ્યા હોય તેવું લાગે છે. દેશના વિચારકોનો એક સમુદાય એમ ચાહે છે કે સોનમ વાંગચુક તેમના ઉપવાસ સમાપ્ત કરે. એટલા માટે નહીં કે તેમની ડિમાન્ડ ખોટી છે, પરંતુ એટલા માટે કે તેમના અવાજની આ દેશને લાંબા સમય સુધી હજુ જરૂર છે. ઈતિહાસમાં આત્મ-બલિદાનનું સન્માન કરવામાં આવે છે, પરંતુ તે હંમેશા પરિવર્તન લાવતું નથી. કદાચ આજે જે વધુ તાકીદનું છે તે એ છે કે તેઓ તેમની અસાધારણ બુદ્ધિ, નૈતિક વિશ્વસનીયતા અને જાહેર વિશ્વાસનો ઉપયોગ સંઘર્ષના નવા માર્ગો - કાનૂની લડાઈઓ, જન આંદોલનો, સંવાદ, સંશોધન, જાહેર અભિપ્રાય અને લોકશાહી દબાણ - બનાવવા માટે કરે જે ટકાઉ હોય. કારણ કે જનતા ખભા મિલાવીને ઊભી ન હોય, તો ભૂખ હડતાળ કે સત્યાગ્રહ ઓછા પ્રભાવક અને આત્મઘાતી અનુભૂતિ બની જાય છે. અને કોઈપણ સમાજની સૌથી મોટી નિષ્ફળતા એ છે કે તે તેના સૌથી પ્રામાણિક લોકોને તેમની તપશ્ચર્યા વખતે છોડી દે. ભાજપે તેના ૨૦૧૯ અને ૨૦૨૦ના મેનિફેસ્ટોમાં આ વચન આપ્યું હતું, પરંતુ હવે કોર્પોરેટ હિતો (ખાણકામ અને સૌર પ્રોજેક્ટ્સ) ને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, જે સ્થાનિક સંસાધનોનું શોષણ કરી રહ્યા છે. પૂર્ણ રાજ્યનો દરજ્જો અને વિધાનસભાની અહીંની પ્રજાને તરસ છે. હાલમાં, બધી સત્તા કેન્દ્ર દ્વારા નિયુક્ત લેફ્ટનન્ટ ગવર્નર પાસે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ડઘાયેલી સરકારે દિલ્હીમાં વધુ CRPF RAF ખડકી

**દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી અને કોંગ્રેસ સહિત વિરોધપક્ષોના પ્રદર્શનોથી કેન્દ્ર સરકાર ડઘાઈ ગઈ છે. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવે વડાપ્રધાનના ઘરની બહાર દેખાવો કર્યા. ગૃહ મંત્રાલયે દિલ્હી પોલીસનું સંખ્યાબળ વધારવા CRPFની 9 કંપનીઓ છત્તીસગઢથી, 3 ઝારખંડથી, 5 મધ્યપ્રદેશથી અને 1 ઓડિસાથી બોલાવી છે. હવે રાહુલ ગાંધી સામે EDની કાર્યવાહી થશે.**

દિલ્હીમાં જે રીતે કોકરોચ જનતા પાર્ટી અને કોંગ્રેસ તેમજ બીજા વિરોધપક્ષો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે એનાથી કેન્દ્ર સરકાર ડઘાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કલ્પના નહોતી કે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવ એમના ઘરની બહાર દેખાવો કરશે. ઉતાવળે નિર્ણય લઈને



કેન્દ્ર સરકારે રાહુલ ગાંધી અને બીજા નેતાઓને વડાપ્રધાનના રહેઠાણ સામેથી હટાવી તો દીધા પરંતુ એનાથી સમસ્યા હલ નથી થઈ. જે રીતે દેશમાં વિવિધ સ્થળોએ તેમજ સોશ્યલ મીડિયામાં કેન્દ્ર સરકાર અને ભાજપ પર પ્રહારો થઈ રહ્યા છે એ જોઈને અતિ આત્મવિશ્વાસમાં રહેતા ભાજપના સિનિયર નેતાઓ ચોંકી ગયા છે. એમને ખબર પડતી નથી કે, પરિસ્થિત કઈ રીતે કાબુમાં લેવી. હવે ગૃહમંત્રાલયે એવું નક્કી કર્યું છે કે દિલ્હી પોલીસ પાસે સંખ્યાબળ ઓછી માત્રામાં છે અને વડાપ્રધાનની સુરક્ષા વધારવા માટે કર્મચારીઓની સંખ્યા વધારવી પડશે. જાણવા મળ્યા પ્રમાણે સીઆરપીએફની ૯ કંપનીઓ છત્તીસગઢથી, ૩ કંપનીઓ ઝારખંડથી, ૫ મધ્યપ્રદેશથી અને ૧ કંપની ઓડિસાથી બોલાવવામાં આવી છે.

કોકરોચ પાર્ટી ઓફ ઈન્ડિયાએ શરૂ કરેલા આંદોલનમાં ચાલુ ગાડીએ અરવિંદ કેજરીવાલ ચઢી બેઠા છે. ૨૦મી જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીએ સંસદ માર્ચ શરૂ કરી હતી ત્યારે મોટા નેતાઓના બાળકો કયાં હતા એવી ટીકા થઈ હતી. આ ટીકાનો જવાબ આપતા આમ આદમી પાર્ટીના સંયોજક કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ પોતે માર્ચમાં નહોતા પરંતુ એમના બંને બાળકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. કેજરીવાલનું કહેવું હતું કે કેટલાક કારણસર એમને પંજાબ જવું પડયું હતું એટલે એમના બદલે એમણે એમના બંને બાળકોને મોકલ્યા હતા. જ્યારે ટીયર ગેસ છોડવામાં આવ્યો ત્યારે એમના બંને સંતાનો પણ પ્રદર્શન સ્થળે હાજર હતા. એમના કહેવા પ્રમાણે 'અમારી પાર્ટીના ઘણા નેતાઓ સ્થળ પર હાજર હતા. અમે બધા એક સાથે છીએ. પુરો દેશ એક પરિવાર છે. અમે કોઈ પણ સરમુખત્યારથી ડરતા નથી.'

અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે ઈડી નિસહાય નથી. જો વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સામે આવક કરતા વધુ મિલકતની ફરિયાદમાં કોઈ ખોટુ દેખાય તો કાયદા અનુસાર એમની સામે કાર્યવાહી કરી શકે છે. સીબીઆઈએ દાખલ કરેલા સોંગદનામામાં કેટલીક ખામીઓ હોવાથી કોર્ટે એજન્સીને આ બાબતે નવું સોંગદનામું દાખલ કરવા કહ્યું હતું. સીબીઆઇ, ઈડી અને અરજી કરનારએ દાખલ કરેલા સોંગદનામા જોયા પછી જસ્ટીસ રાજેશ સિંહ ચૌહાણ અને જસ્ટીસ ભ્રુજ રાજ સિંહની બેચે કહ્યું હતું કે, 'સીબીઆઈનું સોંગદનામુ અમારા અગાઉના હુકમ મુજબનું નહોતું. સીબીઆઈએ કરેલી તપાસ બાબતે અમને સમજણ પડતી નથી. હવે પછીની તારીખે સીબીઆઈએ નવું સોંગદનામુ દાખલ કરવું પડશે.' જે રીતે કેન્દ્ર સરકાર રાહુલ ગાંધીને કોઈપણ કેસમાં ભીડવા માંગે છે એ જોતા કોર્ટના આ ચુકાદા પછી રાહુલ ગાંધી સામે ઈડીની તપાસ શરૂ થઈ શકે છે.

તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ કલ્યાણ બેનર્જીને ચોમાસાના સમગ્ર સત્ર માટે બરતરફ કરવામાં આવ્યા છે. અસંસદીય ભાષાનો ઉપયોગ કરવા માટે એમને બરતરફ કરાયા છે. ચોમાસા સત્રનો ત્રીજો દિવસ પણ ખાસ કામગીરી વગરનો રહ્યો હતો. બુમબરાડાના કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ત્રણવાર સ્થગીત કરવામાં આવી હતી. વિરોધપક્ષના સભ્યો નીટ પેપર લીક, સીજેપીના પ્રદર્શન પર પોલીસનો લાઠીચાર્જ અને કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી પર ચર્ચા કરવા માટે અડગ હતા. કલ્યાણ બેનર્જીએ તૃણમુલ કોંગ્રેસના બળવાખોર સાંસદોને ચોર કહ્યા હતા. ત્યાર પછી લોકસભામાં હોહા થઈ ગઈ હતી. સંસદની કાર્યવાહી સ્થગીત થયા પછી પણ કલ્યાણ બેનર્જી બળવાખોર સાંસદો સાથે દલીલ કરતા જોવા મળ્યા હતા.

**સીજેઆઈએ કહ્યું 'સમય બરબાદ નહીં કરો'**

કોકરોચ જનતા પાર્ટીના દેખાવકારોને દિલ્હી પોલીસ સાથે થયેલા ઘર્ષણ બાબતે સુપ્રિમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. સીજેઆઇ સૂર્યકાંતએ એક વકીલની અરજી પર કહ્યું છે કે, 'તમારો સમય બરબાદ કરો નહીં અને અમારો સમય પણ બરબાદ નહીં કરો.' અરજી કરનારે સીજેઆઈની બેચ સમક્ષ તાત્કાલીક સુનાવણી કરવાની માંગણી કરી હતી. વકીલના કહેવા પ્રમાણે પોલીસની કાર્યવાહીનો વીડિયો પુરાવા તરીકે છે. જંતર મંતર પર વિદ્યાર્થીઓનું પ્રદર્શન ચાલી રહ્યું હતું ત્યારે પોલીસે અત્યાચાર કર્યો હતો. જ્યારે કોર્ટે પછીના કેસ માટે પોકાર કર્યો ત્યારે વકીલે ફરીથી કહ્યું હતું કે, પોલીસના અત્યાચારનો વીડિયો તેઓ બતાવી શકે છે. એ વખતે સીજેઆઇ સૂર્યકાંતે કહ્યું હતું કે, 'અમને વીડિયોમાં કોઈ રસ નથી. વીડિયો જોવા માટે અમારી પાસે સમય પણ નથી.'

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને હવે માંડ ૭ મહિનાનો સમય બચ્યો છે. ઉત્તર પ્રદેશમાં હમણા ભાજપ સત્તામાં છે, પરંતુ સમાજવાદી પાર્ટી કોઈપણ હીસાબે ભાજપને આવતી ચૂંટણીમાં સફળ થવા દેવા માંગતી નથી. સમાજવાદી પાર્ટીએ અત્યારથી જ રણનીતિ બનાવવાની શરૂ કરી દીધી છે. સમાજવાદી પાર્ટી અને એમના સાથીપક્ષો શિડયુલ કાસ્ટના મતો મેળવવા પ્રયત્ન કરે છે. દરેક રાજકીય પક્ષોએ પોતાની રણનીતિ બનાવી છે. માયાવતીની બહુજન સમાજવાદી પાર્ટી અને ચંદ્રશેખર આઝાદની આઝાદ સમાજ પાર્ટી દલીતોના સમર્થન માટે એક બીજા સાથે સ્પર્ધા કરે છે. મે મહિનામાં મેરઠના એક દલીત વિદ્યાર્થીની હત્યા પછી રાજ્યમાં રાજકીય વિવાદ વધ્યો છે. આ હત્યાની વિરુદ્ધમાં રાજ્યમાં દેખાવો પણ થઈ રહ્યા છે.

# હોર્મુઝ બાદ હવે રાતા સમુદ્રનો માર્ગ પણ બંધ થવાના આરે

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલું યુદ્ધ હવે અલગ દિશામાં અને નવા ચરણમાં પ્રવેશતું હોય તેમ દેખાઈ રહ્યું છે. એક તરફ હોર્મુઝની ખાડી ઉપર તોળાઈ રહેલો ખતરો વધુ ગંભીર બન્યો છે ત્યાં હવે સાઉદી અરબ સાથે પણ ઈરાન અને તેના સમર્થક લડવૈયાઓ ખરાખરીનો ખેલ કરવાના મૂડમાં છે. તાજેતરમાં યમન ખાતેથી હુથી લડવૈયાઓ દ્વારા સાઉદીને બાબ અલ મંદેબ ખાતે જહાજો ઉડાવી દેવાની અને જળમાર્ગ ખોરવી કાઢવાની ધમકી આપવામાં આવી છે. અરબ સાગર અને રાતા સમુદ્ર સાથે જોડાયેલા આ જળવાર્ગ ઉપર પણ જો વિઘ્ન આવશે તો ભારત સહિત એશિયાના દેશો ઉપર મોટું સંકટ સર્જાશે. આ ઉપરાંત વિશ્વભરમાં ક્રૂડ અને ગેસની વ્યાપક તંગી ફરીથી ઊભી થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ઈરાન સ્પષ્ટ રીતે જાણે છે કે, હોર્મુઝરની ખાડી બંધ થવાથી દુનિયાના ક્રૂડનો ૨૦ ટકા સપ્લાય બંધ થઈ ગયો છે. તેના કારણે વૈશ્વિક સ્તરે વ્યાપક નુકસાન થઈ રહ્યું છે અને અનેક દેશોના અર્થતંત્ર હાલકડોલક થવા માંડયા છે. હવે તેની નજર રાતા સમુદ્ર ઉપર છે. બાબ-અલ-મંદેબની ખાડી પણ ભૌગોલિક રીતે ખૂબ જ મહત્ત્વની છે. રાતા સમુદ્રમાં પ્રવેશ કરવા માટે આ ખાડીમાંથી પસાર થવું પડે છે. રાતા સમુદ્રના પ્રવેશ દ્વારા જેવી છે આ ખાડી. તેના કારણે તેને ગેટ ઓફ ટીયર્સ પણ કહેવાય છે. આ રસ્તેથી દુનિયાનું ૧૨ ટકા ક્રૂડ સપ્લાય થાય છે. જો આ રસ્તો બંધ થઈ જાય તો સમગ્ર એશિયા અને યુરોપમાં ક્રૂડની વ્યાપક તંગી ફેલાય તેમ છે. યમનના હુથી લડવૈયાઓની મદદથી ઈરાન સમગ્ર દુનિયાને રડાવવા માટે અને અમેરિકાને ઘુંટણીયે લાવવા માટે હવે આખી દુનિયાને રાતા પાણીએ રડાવવા સજ્જ થયું છે. દુનિયાનો ક્રૂડનો ૩૦ થી ૩૨ ટકા સપ્લાય બંધ થઈ જાય તેમ છે. ચિંતાજનક બાબત એ છે કે, સાઉદી સાથેના સંઘર્ષ બાદ હુથીઓના પ્રવક્તાએ સ્પષ્ટ ધમકી આપી છે કે, જો દુશ્મન દ્વારા અમારી જમીન કે અભિયાન તરફ ખરાબ નજર કરવામાં આવી તો અમે કોઈપણ હદે સુધી જતા રહીશું. તેમના દ્વારા થતા હુમલાનો કોઈ લાભ થવાનો નથી પણ અમે જે પગલાં લઈશું તેના કારણે રાતોરાત દુનિયામાં ક્રૂડની કિંમત બમણી થઈ જશે. રાતા સમુદ્રનો આ દ્વાર દુનિયાને રાતા પાણીએ રડાવી શકે તેમ છે. સાઉદીનો ક્રૂડનો વેપાર અટકાવવાની તો સીધી જ ધમકી ઉચ્ચારી દીધી છે અને ખાડી દેશોમાં ચિંતા જન્માવી છે. રસપ્રદ બાબત એ છે કે, ઈરાનની કોઈ સરહદ બાબ-અલ-મંદેબ સાથે જોડાયેલી નથી. હોર્મુઝની ખાડીથી આ ખાડી અંદાજે ૧૨૦૦ માઈલ દૂર આવેલી છે. ઈરાન અહીંયા પ્રોક્સિ વોર કરી શકે છે. ઈરાને આ વિસ્તારમાં રહેલા હુથી વિદ્રોહીઓ દ્વારા અહીંયા યુદ્ધના મંડાણ કરવાની તૈયારીઓ કરી લીધી છે. ઈરાનના ઈશારે તેઓ મિસાઈલ અને ડ્રોન દ્વારા અહીંયા હુમલા કરી શકે છે. તેઓ માત્ર ૨૦ માઈલ પહોળી આ ખાડીને બંધ કરી શકે છે. આ સ્થિતિ વિશે મહાસત્તાઓને માહિતી છે




તેથી તેઓ જિબૂતી ખાતે પોતાના બેઝ દ્વારા તેનો સમાનો કરી શકે છે. જાણકારો માને છે કે, આ વિસ્તારમાં યુદ્ધ શરૂ થશે તો અહીંયા પણ વેપાર અટકી જશે. બાબ-અલ-મંદેબ ખાડી અથવા જો સામુદ્રધુની જો બ્લોક થઈ જાય તો દુનિયા ઉપર તેની ઘણી વિપરિત અસર પડે તેમ છે. સૌથી પહેલાં તો આ રસ્તેથી પસાર થતા ક્રૂડના તમામ ટેન્કરોને આફ્રિકાનું ચક્કર મારીને જવું પડે. તેના કારણે સપ્લાયમાં ૧૦ થી ૧૪ દિવસનો વધારો થઈ જાય. તેના કારણે ક્રૂડના કિંમતમાં મોટો વધારો થઈ જાય. હાલમાં પણ ક્ડની કિંમત ૪૦ ટકા વધી ગઈ છે તો આ ખાડી બંધ થયા બાદ કિંમતોમાં આગ ઝરતી તેજી આવે તેમ છે. બીજી તરફ શિપિંગ કંપનીઓની શિપિંગ કોસ્ટ, ઈંધણ, વીમો બધામાં વધારો થઈ જાય જેના પરિણામે વસ્તુઓમાં સ્વાભાવિક ભાવ વધારો આવે. આ એક એવો શોર્ટ-કટ છે જે વૈશ્વિક બજારમાં વસ્તુઓની કિંમત ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ રસ્તો બંધ થઈ જાય તો એશિયા અને યુરોપમાં મોંઘવારી આસમાને પહોંચી જાય. સૌથી મોટી બાબત એ છે કે આ રસ્તો બંધ થાય એટલે રાતા સમુદ્રનો એકમાત્ર સાઉથ તરફનો ગેટ બંધ થઈ જાય. તેના કારણે એશિયાથી યુરોપ જનારા તમામ જહાજો સુએઝ નહેર સુધી પહોંચી શકે નહીં. તેવી જ રીતે યુરોપથી આવતા જહાજો પણ અટકી જાય. સુએઝ નહેર પહોંચવા માટે આ ખાડીમાંથી પસાર થવું જ પડે છે. આ રસ્તો બંધ થાય તો મોટાભાગનો યુરોપ-એશિયાનો વેપાર અટકી જાય. જો વેપાર કરવો હોય તો આફ્રિકાની દક્ષિણે થઈને ગોળ ફરીને જવું પડે. તેમાં ૯૦૦૦ કિ.મી. જેટલો પ્રવાસ વધી જાય. તેમાં અંદાજે ૧૦ થી ૧૪ દિવસનો વધારો સમય લાગી શકે. ફારસની ખાડીમાંથી જે પણ ક્રૂડ અને ગેસ આવે છે તે અમેરિકા અને યુરોપ જવા માટે આ રસ્તે થઈને જ પસાર થાય છે. દરરોજ અહીંયાથી અંદાજે ૮૫ લાખ બેરલ ક્રૂડ અને ગેસ સપ્લાય થાય છે. દર વર્ષે આ સાંકડી ખાડીમાંથી અંદાજે ૧ ટ્રિલિયન ડોલરના માલસામાનનો વેપાર થાય છે. આ રસ્તે મોટા પ્રમાણમાં ગ્લોબલ સપ્લાય પસાર થાય છે. આ રસ્તે ચીન, ભારત, જાપાનથી યુરોપ જનારા વાહનો અને તેના ગેજેટ્સ તથા પાર્ટ્સ સપ્લાય થાય છે. તે ઉપરાંત સાઉથ-ઈસ્ટ એશિયામાંથી ઘઉં, ચોખા, ખાંડ પણ યુરોપ અને આફ્રિકાના દેશો સુધી મોકલવામાં આવે છે. તેવી જ રીતે ફેક્ટરીઓ માટે જરૂરી પાર્ટ્સ, પણ દુનિયાભરમાં અહીંયાથી જ પસાર થાય છે. આ રસ્તો બંધ થાય તો વૈશ્વિક વેપારનો મોટી ખાટ પડે તેમ છે. ઉલ્લેખનીય છે કે, બાબ-અલ-મંદેબ હકિકતે રાતા સમુદ્ર અને અદનની ખાડીને જોડનારો એક સાંકડો સામુદ્રિક માર્ગ છે. તે બીજી તરફ સુએઝ નહેર તરફ જાય છે. દુનિયાભરમાં મોકલાતા માલ-સામાનનો ૧૨ ટકા જથ્થો અને ક્રૂડનો ૧૨ ટકા જથ્થો આ રસ્તે પસાર થાય છે. તે દુનિયાનો ચોથો સૌથી મોટો વ્યાપારિક દરિયાઈ માર્ગ છે. તેના કારણે જ તેનું રણનીતિક મહત્ત્વ વધારે છે. યમનના દક્ષિણ-પશ્ચિમમાં આફ્રિકાના જિબુતી અને ઈરિટ્રિયા દેશોને આ ખાડી અલગ કરે છે. તે એશિયા અને આફ્રિકાના દેશોને જોડતી એક સાંકડી સામુદ્રધુનિ છે.

# વેક્સિન : રોગને મારવા નહીં શરીરને સજ્જ કરવા લેવાય છે

હાલમાં દેશમાં એકવાર ફરી ડેંગ્યુ તાવનો ડર પાછો ફર્યો છે. ચોમાસું સક્રિય થવાની સાથે જ ડેંગ્યુના વાયરસ પણ ઝડપથી વધવા લાગે છે. કેટલીકવાર દર્દી દમ પણ તોડી દે છે. આમાં તાવની સાથે શરીરમાં પ્લેટલેટ્સની સંખ્યામાં ભારે ઘટાડો થાય છે. આ બીમારી મચ્છરોના કરડવાથી ફેલાય છે. ૨૦૨૪માં ડેંગ્યુથી દેશમાં ૨૯૭ લોકોના મોત થયા હતા, જ્યારે દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો આનાથી સંક્રમિત થાય છે. હવે ભારતમાં પહેલીવાર ડેંગ્યુ સામે એક વેક્સિનને મંજૂરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, જાપાની તાકેદાની ક્યૂડેન્ગા વેક્સિનને આ મંજૂરી મળી છે. ભારતમાં જ નહીં દુનિયાભરના ઘણા દેશોમાં ચોમાસા દરમિયાન ડેંગ્યુ, મેલેરિયા ને અન્ય મચ્છરજન્ય રોગોને ફેલાવો થતો હોય છે. ખાસ કરીને આફ્રિકા અને એશિયાના દેશોમાં મચ્છરજન્ય રોગોની સમસ્યા મોટી છે. તેમાંય ડેંગ્યૂ જીવલેણ બિમારી છે. મચ્છરજન્ય બિમારીઓમાં




મેલેરિયા બાદ સૌથી વધારે લોકોના ભોગ ડેંગ્યૂના કારણે લેવાતા હોવાના અહેવાલો છે. આ બિમારીને હવે જડમૂળથી જ સાધારણ કરી દેવા અને લોકોને તેના જીવલેણ જોખમથી બચાવવા માટે ક્યૂડેન્ગા વેક્સિનને ભારતમાં મંજૂરી આપવામાં આવી છે. જાણકારોના મતે સૌથી રસપ્રદ બાબત એ પણ છે કે જ્યારે વાયરસને એન્ટીબાયોટિકથી ખતમ કરી શકાતો નથી અને તે શરીરની અંદર જીવંત કોષોમાં છુપાઈને વધે છે, તો પછી વેક્સિન તેને કેવી રીતે રોકે છે? હકીકતમાં, વેક્સિન વાયરસને મારતી નથી, શરીરને લડતા શીખવે છે. એટલે કે વેક્સિનનું કામ વાયરસને મારવાનું નથી હોતું. અસલમાં વેક્સિન આપણી રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુન સિસ્ટમ)ને તાલીમ આપે છે. તે શરીરને અગાઉથી જ જણાવી દે છે કે જો ભવિષ્યમાં કોઈ ખાસ વાયરસ હુમલો કરે તો તેની સામે કેવી રીતે લડવું. જ્યારે અસલી વાયરસ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે ઈમ્યુન સિસ્ટમ તેને ઓળખવામાં સમય લે છે. આ દરમિયાન વાયરસ ઝડપથી વધે છે અને બીમારી ગંભીર બની શકે છે. પરંતુ જો પહેલાથી જ વેક્સિન લીધેલી હોય, તો શરીર પાસે તે વાયરસની ઓળખ અને તેની સામે લડવાની તૈયારી પહેલેથી જ હોય છે. તેથી સંક્રમણ થવા છતાં બીમારી થતી જ નથી અથવા તો ખૂબ જ હળવી રહે છે. ઉલ્લેખનીય છે કે, ડેંગ્યુને અવારનવાર એક જ બીમારી માનવામાં આવે છે, પરંતુ તેની પાછળ ચાર અલગ-અલગ વાયરસ રહેલા છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

પાક્કો ગુજરાત

શુક્રવાર | 24 જુલાઈ 2026 | અમદાવાદ

### ડભોઇ સેવા સદન બગીચામાં

# ખુલ્લા વીજ વાયરો ચોમાસામાં 'મોતનું ખુલ્લું આમંત્રણ'!





**ડભોઇ**

જે કચેરીમાંથી સમગ્ર તાલુકાનો વહીવટ થાય છે ત્યાં જ ઘોર બેદરકારી કોઈ અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ ડભોઇ સ્થિત સેવા સદન કચેરી જ્યાંથી સમગ્ર ડભોઇ તાલુકાની જનતા માટેનો મહત્વનો વહીવટ ચલાવવામાં આવે છે તે જ કચેરીના પ્રાંગણમાં આવેલો બગીચો હાલમાં ઘોર વહીવટી બેદરકારીનું કેન્દ્ર બન્યો છે.

સેવા સદનના બગીચામાં લાઈટોના વીજ વાયરોની પેટીઓ (ઈલેક્ટ્રિક બોક્સ) ખુલ્લી હાલતમાં રખડતી જોવા મળી રહી છે જેના કારણે ચોમાસાની ઋતુમાં ગંભીર દુર્ઘટના સર્જાવાનો ભય ઊભો થયો છે.દરરોજ હજારો અરજદારોના જીવ જોખમમાં ડભોઇ સેવા સદનમાં દરરોજ તાલુકાભરમાંથી હજારો લોકો અલગ-અલગ સરકારી કામકાજ જેવા કે આવકના દાખલા

7/12 અને 8-અ ના ઉતારા રેશનકાર્ડ સંબંધિત કામગીરી સ્ટેમ્પ પેપર અને નોટરી કામકાજ અને મહત્વની કચેરીઓ આવેલી છે

દૂર-દૂરથી આવતા અરજદારો અને તેમના નાના બાળકો કામકાજ દરમિયાન કચેરીના બગીચામાં બેસતા હોય છે. પરંતુ બગીચામાં આવેલી લાઈટની ઈલેક્ટ્રિક પેટીઓ ખુલ્લી હોવાથી અને તેમાંથી વીજ વાયરો બહાર લટકતા હોવાથી જાણે 'મોતને ખુલ્લું આમંત્રણ' અપાતું હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.ચોમાસામાં કરંટ ઊતરવાનો મોટો ખતરોહાલમાં મેઘમહેર વચ્ચે ચોમાસાની સીઝન ચાલી રહી છે. વરસાદના કારણે ખુલ્લી વીજ પેટીઓ અને વાયરોમાં પાણી જવાથી સમગ્ર બગીચામાં અથવા નજીકના લોખંડના થાંભલાઓમાં વીજ કરંટ ઊતરવાની પૂરતી શક્યતાઓ છે. જો કોઈ ભોળો નાગરિક કે રમતું બાળક અજાણતા આ ખુલ્લા વાયરો સરખે અડકી જાય, તો મોટો જાનમાલનો અકસ્માત સર્જાઈ શકે છે.દિવા તળે જ અંધારું!' જે કચેરીમાંથી આખા તાલુકાનું તંત્ર ચાલે છે, ત્યાં જ અધિકારીઓની નજર સામે ખુલ્લા મોત સમાન વાયરો લટકી રહ્યા છે. જો અહીં કોઈ અનિચ્છનીય બનાવ બનશે કે કોઈનો જીવ જશે, તો તેની જવાબદારી કોની રહેશે સેવા સદનનું તંત્ર કે વીજ કંપની?

તાકીદે સુધારાની માંગ સ્થાનિક નાગરિકો અને અરજદારોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં ડભોઇ સેવા સદન તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરીને આ ખુલ્લા વીજ વાયરો અને પેટીઓને યોગ્ય રીતે બંધ કરી સુરક્ષિત કરવામાં આવે.

### ડભોઇમાં લાંબા વિરામ બાદ મેઘમહેર

# ત્રણ ઇંચ જેટલાવ રસાદથી ખેડૂતોમાં હર્ષ, પણ પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

**ડભોઇ**

ડભોઇ શહેર અને સમગ્ર તાલુકામાં લાંબા સમયના વિરામ બાદ આખરે મેઘરાજાએ મહેરબાન થઈને પધરામણી કરી છે વહેલી સવારથી જ આકાશમાં ઘેરાયેલા કાળાડિબાંગ વાદળો વચ્ચે આઠ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધીમાં 84 એમ એમ (લગભગ ત્રણ ઇંચ) જેટલો ખાબકેલો વરસાદ નોંધાયો છે. આજના આ વરસાદ સાથે જ ચાલુ મોસમનો કુલ વરસાદ 279 mm (આશરે 11 ઈંચ) સુધી પહોંચી ગયો છે.ખેડૂતોમાં આનંદ અને નવી આશાનો સંચાર લાંબા સમયથી વરસાદની વાટ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ સંજીવની સમાન સાબિત થયો છે. બિયારણનો ઉગાવો: વરસાદ થવાથી ખેતરોમાં વાવેલું મોંઘુ બિયારણ બગડી જવાની ખેડૂતોની ચિંતા દૂર થઈ છે.રોપણી કાર્ય ઝડપી બનશે: પાકને નવું જીવન મળવાની સાથે હવે



ડાંગર સહિતના અન્ય પાકોની રોપણીના કાર્યો ઝડપથી શરૂ કરી શકાશે.ખેડૂતો અને ગ્રામજનોમાં હાલ ખુશાલીનો માહોલ જોવા મળી રહ્યો છે.માત્ર ત્રણ ઇંચ વરસાદમાં જ નગરપાલિકાની કામગીરી પર ઉઠ્યા સવાલો એક તરફ વરસાદથી ખેડૂતો ખુશ છે, તો બીજી તરફ ડભોઇ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડી ગયા છે. માત્ર ત્રણ ઇંચ જેટલા સામાન્ય વરસાદમાં જ શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ છે.પાણીના નિકાલનો શૂન્ય અભાવ 'રાણા ની હોટલ', 'ગુજરાત હાઉસ' પાસે, કેટલીક સોસાયટીઓ તેમજ નગરપાલિકાની પોતાની શોપિંગ સેન્ટર લાઈનમાં યોગ્ય કે પાણીના નિકાલની હોવાના કારણે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે મુખ્ય રોડ અને સોસાયટીના નાકે પાણી ભરાયા: વરસાદી પાણીના યોગ્ય નિકાલ વગર મુખ્ય રસ્તાઓ પર જળભરાવ થયો છે અને કેટલીક સોસાયટીઓના નાકા સુધી પાણી ઘૂસી ગયા છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.જો માત્ર ત્રણ ઇંચ વરસાદમાં જ ડભોઇ શહેરની આ સ્થિતિ થતી હોય, તો આગામી દિવસોમાં જો મુશળધાર કે ભારે વરસાદ પડશે તો શું થશે.

### કદવાલનાં કારિકોઇ ગામે

# લાખો ખર્ચ બનાવવામાં આવેલી ગટર લાઈન પેહલા જ વરસાદમા ધોવાઈ ગઈ

**કદવાલ, ઈરફાન મકરાણી**

કદવાલ ગ્રામ પંચાયત હેઠળના કારિકુઈ ગામમાં આંગણવાડીથી કોતર તરફ બનાવવામાં આવેલી ગટર લાઈન પ્રથમ જ વરસાદમાં ધોવાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામલોકોના જણાવ્યા મુજબ લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલું કામ વરસાદનો પ્રથમ જ માર સહન કરી શક્યું નથી, જેના કારણે કામની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સ્થળ પર જોવા મળતી સ્થિતિ મુજબ ગટર લાઈનના કેટલાક ભાગ તૂટી ગયા છે અને માટી





ધોવાઈ જતાં ગટરનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાયું છે. ગ્રામજનોનું કહેવું છે કે જો કામ નિયમો અને ગુણવત્તાના ધોરણો મુજબ કરવામાં આવ્યું હોત તો પ્રથમ જ વરસાદમાં આવી સ્થિતિ સર્જાત નહીં.

આ ઘટનાને પગલે ગામમાં વિકાસના વિવિધ કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. ગામલોકો દ્વારા સંબંધિત વિભાગ પાસે સમગ્ર કામની નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદાર લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

ગ્રામજનોનું માનવું છે કે વિકાસના કામોમાં ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન ન થવી જોઈએ. જાહેર નાણાંમાંથી થતા કામો લાંબા સમય સુધી ટકાઉ રહે તે માટે તકનિકી તપાસ, ગુણવત્તાની ચકાસણી અને જવાબદારી નક્કી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# છોટાઉદેપુરમાં કોંગ્રેસે પ્રચંડ વિરોધ નોંધાવ્યો : પેપર લીક મુદ્દે યુવાન વિદ્યાર્થીઓ સાથે થયેલો અન્યાય બાબતે કોંગ્રેસે પ્રચંડ વિરોધ નોંધાયો

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

નગરમાં સૂત્રોચ્ચાર કરી રેલી કાઢી અને વિરોધ વ્યક્ત કર્યો પૂર્વ વિરોધ પક્ષના નેતા સુખરામભાઈ રાઠવા સહિત કાર્યકરોને કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું પુતળું દહન કરતા પહેલા જ પોલીસે ડિટેઇન કર્યા



છોટાઉદેપુર નગર સહિત સમગ્ર જિલ્લામાં વિદ્યાર્થીઓ ને નીટ અને ટેટની પરીક્ષા બાબતે પેપર લીક થતા વિદ્યાર્થીઓને થયેલ અન્યાય અંગે વિદ્યાર્થીઓના સમર્થનમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે જ છોટાઉદેપુરમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા રેલી કાઢી વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સરકાર અને મંત્રીઓ નબળા હોવાના સુત્રોચાર સાથે આજરોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું પૂતળું બાળવાનો પ્રયત્ન કરતા પેહલા કોંગ્રેસના પૂર્વ વિરોધ પક્ષના દિગ્ગજ નેતા સુખરામ રાઠવા અને કોંગ્રેસ કાર્યકર અર્જુનભાઈ રાઠવા સહિત પોલીસે કોંગ્રેસ કાર્યકરોને ડીટેઈન કર્યા વિરોધ પ્રદર્શન કરતા અને પૂતળું બાળવાનો પ્રયત્ન કરતાની સાથે પોલીસે સુખરામ રાઠવા સહિત અન્ય 4 કાર્યકરોને ડીટેઈન કર્યા હતા.

# જેતપુરમાં ઓર્ગેનિક ખેત પેદાશોના વેચાણ માટે વિશેષ સ્ટોલનું લોકર્પણ

**જેતપુર**

જેતપુર શહેરના નાગરિકોને રાસાયણિક મુક્ત, પોષણયુક્ત અને શુદ્ધ ઓર્ગેનિક ખેત પેદાશો સરળતાથી ઉપલબ્ધ થાય તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય બજાર મળી રહે તેવા ઉમદા હેતુથી આજે જેતપુર માર્કેટિંગ યાર્ડ ખાતે ઓર્ગેનિક ખેત પેદાશોના વેચાણ માટે વિશેષ સ્ટોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માર્કેટિંગ યાર્ડના પદાધિકારીઓ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, રાજકોટના અધિકારીઓ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા,

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આજના સમયમાં લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ સતત વધી રહી છે. ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોના



વધતા ઉપયોગને કારણે અનેક પ્રકારની આરોગ્ય સમસ્યાઓ ઊભી થઈ રહી છે. આવા સમયે પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીમાંથી મળતી પેદાશો લોકો માટે વધુ સુરક્ષિત અને સ્વાસ્થ્યવર્ધક વિકલ્પ બની રહી છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશો સીધી ગ્રાહકો સુધી પહોંચે તે માટે આ વિશેષ સ્ટોલ શરૂ કરવામાં આવ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પહેલથી ખેડૂતો અને ગ્રાહકો વચ્ચેનો સીધો સંપર્ક વધશે. વચેટિયાઓની ભૂમિકા ઘટતા ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળશે, જ્યારે ગ્રાહકોને વ્યાજબી ભાવે ગુણવત્તાયુક્ત અને કેમિકલ મુક્ત પેદાશો મળી શકશે. આ વ્યવસ્થાથી ખેડૂતોની આવકમાં વધારો થવાની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વધુ ખેડૂતો પ્રેરિત થશે.

આ સ્ટોલ પર સ્થાનિક ખેડૂતો દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રકારના અનાજ, કઠોળ, શાકભાજી, ફળો, મસાલા, કઠોળની વિવિધ જાતો, ગોળ સહિત અન્ય ઓર્ગેનિક ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# છોટાઉદેપુર જિલ્લાનું શિહોદ ડાઈવરઝન પહેલા જ વરસાદના પાણીમાં ધોવાયો

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર નેશનલ હાઈવે નંબર 56 ઉપર આવેલ પાવીજેતપુર પાસેના સિહોદ ખાતે ભારજ નદી પર આવેલું ડ્રાઈવરજન નદીમાં સામાન્ય પાણી આવતા ધોવાઈ ગયું. ગુજરાત અને મધ્યપ્રદેશનો વાહન વ્યવહાર ચાલતો હોય જે ડ્રાઈવરજન પ્રજા માટે અતિ ઉપયોગી હોય પરંતુ આજરોજ આ ડાઈવરજન ધોવાઈ જતા ભારે તકલીફ નો સામનો પ્રજાએ કરવો પડશે. જિલ્લાની પ્રજા માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે નેશનલ હાઈવે નંબર 56 ઉપર ભારજ નદી પર આવેલો ડાઈવર્ઝન પાણીમાં ધોવાઈ ગયો છે. છોટાઉદેપુર જિલ્લામાં મોટાભાગના રસ્તા ખરાબ થઈ ગયા છે જેની તકલીફ હાલ પ્રજા ભોગવી રહી છે



ત્રણ વર્ષ પહેલાં સિહોદ ખાતે નો બ્રિજ તૂટી ગયો હોય જેની પારાવાર મુશ્કેલી પ્રજાને પડી હતી. પરંતુ તંત્ર દ્વારા બનાવવામાં આવેલું ડ્રાઈવરજન ઘણીવાર ધોવાઈ જતા પ્રજાએ સ્વખર્ચ જનતા ડ્રાઈવરજન બનાવી વાહન વ્યવહાર શરૂ કર્યો હતો પરંતુ ફરી તંત્ર દ્વારા આ નબળું ડાઈવરજન બનાવવામાં આવ્યું. જે પહેલા જ પાણીએ ધોવાઈ જતા હવે ફરી 40 કીલો મીટરનો ફેરો ફરી અવર-જવર કરવાનો વારો આવશે.

### દફનવિધિના સ્થળે ભગવાન ગણેશજીનું મંદિર બનાવવાનો નિર્ણય

# પડધરીના તરઘડી ગામે જુગારધામ પર એલસીબીનો દરોડો : 6 આરોપી ઝડપાયા

**રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની ઝુંબેશ અંતર્ગત પડધરી પોલીસ સ્ટેશન વિસ્તારના તરઘડી ગામની સીમમાં ચાલતા એક જુગારધામ પર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલ.સી.બી.) સફળ દરોડો પાડ્યો છે. પોલીસ ટીમે ઘટનાસ્થળેથી કુલ ૬ ઈસમોને જુગાર રમતા રંગેહાથ પકડી પાડી, રોકડા રૂપિયા તેમજ વાહન સહિત કુલ રૂ. ૬,૩૬,૬૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી સંયુક્ત અને ખાનગી રાહે ચોક્કસ હકીકતને આધારે આ કામગીરી કરવામાં આવી હતી. પડધરી તાલુકાના તરઘડી ગામની સીમમાં આવેલી કેશરઢાણી હોટેલની પાછળ, ગોલ્ડન એંકર સોસાયટીના પ્લોટ નં. ૩૧ માં એક મકાનમાં આ જુગારધામ ચાલી રહ્યું હતું. પોલીસે આ ઓરડીમાં રેઈડ કરીને પત્તાનો જુગાર રમતા ૬ ઈસમોને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મકાન માલિક ગીરીશભાઈ કાનજીભાઈ



ફડદૂ તથા મનસુખભાઈ હીરાભાઈ વોરા, નીલેશભાઈ મણીલાલ પાટડીયા, નીતીનભાઈ ગોવીંદભાઈ રામાણી, નરેશભાઈ બાબુભાઈ ગઢીયા, નિકુંજભાઈ બાવલાલ પરસાણા રહે તમામ રાજકોટ નો સમાવેશ થાય છે. પોલીસ દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી કબજે કરેલ મુદ્દામાલ માં, રોકડા રૂપીયા: ૨,૪૬,૧૦૦ મોબાઈલ ફોન ૭ નંગ કિંમત રૂ.૯૦,૫૦૦ એક બ્રેઝા ફોરવ્હીલ કાર કિંમત રૂ.૪.૦૦.૦૦૦ ગંજીપતાના પાના અને પાથરણું સહિત કુલ રૂપિયા ૬,૩૬,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# દાંતા અને હડાદ તાલુકામાં PHC સેન્ટર ઉપર ટેક્સી ને બદલે પ્રાઇવેટ વાહનો કેમ?

**દાંતા**

દાંતા અને હડાદ તાલુકામાં PHC સેન્ટરો ઉપર ખાનગી એજન્સીની મનમાંની ટેક્સી વાહનોને બદલે પ્રાઈવેટ વાહનો મૂકી સરકારના પરિપત્રના લીરેલીરા જોવા મળ્યા આરોગ્ય કેન્દ્ર ઉપર જે ટેક્સી અને નવા વાહનો મુકવા ને બદલે જુના વાહનો અને પ્રાઈવેટ વાહનો જ મૂકવામાં એજન્સી એ સરકારના પરિપત્રને પણ ઘોડીને પી ગઈ હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આના જવાબદાર અધિકારીઓ પણ આ ખાનગી એજન્સીની મિલી ભગતથી બિલો પાસ કરવામાં આવતા હોય અને આમાં પણ ટેક્સીના બદલે પ્રાઈવેટ વાહનોનું બિલ પાસ કરવા અધિકારીઓનું કોઈ મોટું સેટિંગ હોય તે જ રીતે પ્રાઈવેટ વાહનોનું બિલ પાસ કરવા આપતું હોય તેવી ચર્ચા ચાલી રહી છે ત્યારે દાંતા તાલુકામાં નહીં પરંતુ બનાસકાંઠા જિલ્લામાં ટેક્સી ગાડીને બદલે પ્રાઈવેટ વાહનો મૂકીને ટેક્સી વાહનોના બિલ પાસ કરવામાં આવે છે ત્યારે તાલુકાના અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓ આ બાબતની તપાસ કરીને તાત્કાલિક આ એજન્સીની પ્રાઈવેટ ગાડીઓ છુટ્ટી કરવામાં આવે તે પણ જરૂરી બન્યું છે.

# ઝાલોદમાં નિવૃત્ત શિક્ષક દંપતીની પોતાના જ પુત્ર સામે કાયદાકીય લડત

**પંકજ પંડિત | ઝાલોદ**

જે માતા-પિતાએ દીકરાને નવ મહિના ગર્ભમાં રાખ્યો, જે પિતાએ પોતાની કમાણીનો મોટો હિસ્સો સંતાનના ભણતર પાછળ ખર્ચી નાખ્યો, જે માતા-પિતાએ દીકરાને ભણાવીને નોકરીએ લગાવ્યો, લગ્ન કરાવ્યા અને જીવનમાં સ્થિર કર્યો... એ જ માતા-પિતાને જ્યારે વૃદ્ધાવસ્થામાં પોતાના જ સંતાન સામે પોતાના ઘરના હક્ક માટે કાયદાની દાદ માંગવી પડે ત્યારે સવાલ માત્ર એક પરિવારનો નથી રહેતો–સવાલ આખા સમાજ સામે ઊભો થાય છે.

ઝાલોદ શહેરમાં સામે આવેલો એક કિસ્સો આજના બદલાતા પરિવારિક સંબંધો સામે ગંભીર સવાલો ઊભા કરે છે. ઝાલોદની નારાયણનગર સોસાયટીમાં રહેતા ૭૨ વર્ષીય નિવૃત્ત શિક્ષક અને તેમની ૭૦ વર્ષીય પત્નીએ પોતાના જ પુત્ર અને પુત્રવધૂ સામે માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોની જાળવણી અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ હેઠળ ઝાલોદના નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી છે.

અરજીમાં વૃદ્ધ દંપતીએ આક્ષેપ કર્યો છે કે તેમની પોતાની મહેનતની કમાણીમાંથી બનાવેલા મકાનના ભોયતળિયાના ભાગ પર પુત્ર અને પુત્રવધૂનો કબજો છે અને વારંવાર કહેવા છતાં મકાનનો ભાગ ખાલી કરી પરત આપવામાં આવ્યો નથી.

અરજી મુજબ, નિવૃત્ત શિક્ષક પિતાએ પોતાની આવકમાંથી ઝાલોદની નારાયણનગર સોસાયટીમાં પ્લોટ ખરીદી મકાન બનાવ્યું હતું. ચારેય પુત્રો કુંવારા હતા ત્યારે પરિવારને સાથે રાખવા માટે બનાવવામાં આવેલા આ મકાનમાં બાદમાં સંતાનોના લગ્ન અને નોકરી બાદ તેઓ અલગ-અલગ સ્થળે રહેવા લાગ્યા હતા.

પુત્ર અને પુત્રવધૂને નોકરીની અનુકૂળતા માટે મકાનના ભોયતળિયાના ભાગમાં થોડા સમય માટે રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. પરંતુ બાદમાં પુત્ર પોતાના વતન ખાતે મકાન બનાવી ત્યાં રહેવા ગયો હોવા છતાં ઝાલોદના મકાનનો ભાગ ખાલી ન કર્યો હોવાનો વૃદ્ધ દંપતીનો આક્ષેપ છે. માતા-પિતાએ દીકરાને જીવનભર છત આપી... પરંતુ હવે પોતાના ઘરની છત નીચેનો એક ભાગ મેળવવા માટે દીકરા સામે કાયદાની લડાઈ લડવી પડી રહી છે–આજના સમયની આનાથી મોટી વિડંબના બીજી કઈ હોઈ શકે?



'ધ ઓડિસી'-'ધ ડેવિલ વિયર્સ પ્રાડા 2'એ ત્રણ દિવસમાં ₹3,200 કરોડની કમાણી કરી

# માત્ર બે ફિલ્મોએ બદલી નાખ્યું હોલીવુડ અભિનેત્રી એન હેથવેનું કેરિયર...

મુંબઈ

એક ખાસ અભિનેત્રી હાલમાં બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ છે એવું કહીએ તો પણ ખોટું નથી. તેની બે મોટી ફિલ્મો દુનિયાભરમાં રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે, જેના કારણે તે વિશ્વની સૌથી વધુ કમાણી કરનારી અભિનેત્રી બની શકે છે.

આ સ્ટાર બીજું કોઈ નહીં પણ હોલીવુડ અભિનેત્રી એન હેથવે છે. તેની બે મોટી રિલીઝ - ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી' અને 'ધ ડેવિલ વિયર્સ પ્રાડા 2'એ ફક્ત ત્રણ દિવસમાં આશરે 3,200 કરોડની કમાણી કરી છે. બેસ્ટ ઓપનિંગ ફિલ્મ બની આ સાથે અભિનેત્રી એન હેથવે સૌથી મોટી વીકએન્ડ ઓપનિંગ ધરાવતી ફિલ્મ અભિનેત્રી બની ગઈ છે.તેની બે ફિલ્મો હજુ સુધી બોક્સ ઓફિસ પર રિલીઝ થવાની બાકી છે. ખાસવાત એ છે કે, 'ધ ઓડિસી'માં તેના અભિનયના વખાણ થઈ રહ્યા છે.2,400 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ કમાણીનો નવો રેકોર્ડ બનાવે તેવી અપેક્ષા છે. ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ 'ધ ઓડિસી' એ વિશ્વભરમાં ઓપનિંગ વીકેન્ડમાં $264 મિલિયન (આશરે 2,542 કરોડ) નું કલેક્શન કરી ચૂકી છે. ફિલ્મમાં એન હેથવેએ ક્વીન પેનેલોપની ભૂમિકા ભજવી હતી. તેમનો અભિનય એટલો દમદાર હતો કે તેને દુનિયાભરમાંથી બેસ્ટ કોમ્પ્લિમેન્ટ મળી રહ્યા છે. તે પાત્રમાં સંપૂર્ણપણે ડૂબેલી દેખાઈ છે. 'ધ ઓડિસી' એ અત્યાર સુધીમાં બોક્સ ઓફિસ પર 2,720 કરોડની કમાણી કરી છે. આ ફિલ્મનું દિગ્દર્શન ક્રિસ્ટોફર નોલાન દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં મેટ ડેમન અને ટોમ હોલેન્ડ જેવા સ્ટાર્સ મુખ્ય ભૂમિકામાં છે. કરોડો રૂપિયાની આવક

ફિલ્મ 'ધ ડેવિલ વિયર્સ પ્રાડા 2' ની વાત કરીએ તો, શરૂઆતના સપ્તાહના અંતે $233.6 મિલિયન (આશરે 2,250 કરોડ) ની કમાણી કરી હતી. તે 2026 ની સૌથી મોટી હિટ સિક્વલ તરીકે ઉભરી છે. આ ફિલ્મમાં એન હેથવે સાથે મેરિલ સ્ટ્રીપ, એમિલી બ્લન્ટ અને સ્ટેનલી ટુચી છે અને તેનું દિગ્દર્શન ડેવિડ ફ્રેન્કલ દ્વારા કરવામાં આવ્યું હતું. તે 1 મે, 2026 ના રોજ બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મે વિશ્વભરમાં $690 મિલિયન (આશરે 7,168 કરોડ) ની કમાણી કરી છે અને તે $100 મિલિયન (આશરે 969 કરોડ) ના બજેટમાં બની હોવાનું માનવામાં આવે છે. ઓસ્કાર વિજેતા અભિનેત્રી એન હેથવે આ વર્ષે પાંચ મોટી ફિલ્મોમાં દેખાશે. તેની શરૂઆત A24 ની 'મધર મેરી' થી થશે.

**નોલાનની 'ધ ઓડિસી' માં પેનેલોપ તરીકે એક મહાકાવ્ય યાત્રા શરૂ કરશે**

# વિવાદ બાદ વિજયની 'જન નાયકન' રિલીઝ

## એક્ટરની છેલ્લી ફિલ્મ પર રાજકારણ હાવી, ત્રણ કલાકની સફર થકવી નાખનારો તમાશો



મુંબઈ

વિજયની છેલ્લી ફિલ્મ હોવાને કારણે 'જન નાયકન' માત્ર એક રિલીઝ નહોતી, પરંતુ કરોડો ચાહકો માટે એક ભાવનાત્મક પ્રસંગ હતો. એવી અપેક્ષા હતી કે આ ફિલ્મ તેની લાંબી સિનેમાઈ સફરને યાદગાર વિદાય આપશે. પરંતુ ડિરેક્ટર એચ. વિનોથ તેને વાર્તા કરતાં વધુ રાજકીય સંદેશ અને સ્ટારની છબી ચમકાવવાનું માધ્યમ બનાવી દે છે.

પરિણામ એ આવ્યું કે ફિલ્મ ઘણીવાર મનોરંજન છોડીને ચૂંટણી ભાષણ જેવી લાગવા માંડે છે. વિજયની હાજરી તાળીઓ જરૂર મેળવે છે, પરંતુ નબળી પટકથા અને જરૂરિયાત કરતાં વધુ લંબાઈ ફિલ્મના પ્રભાવને ઓછો કરી દે છે. ફિલ્મની લંબાઈ 3 કલાક 3 મિનિટ છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય અપરાધી જ્હોન હિમલર (બોબી દેઓલ) દેશમાં હિંસા અને અરાજકતા ફેલાવવાનું કાવતરું રચી રહ્યો છે. પત્રકાર કાયલ (પૂજા હેગડે) પણ આ વાર્તાનો ભાગ બને છે. શરૂઆતમાં વાર્તા ભાવનાત્મક લાગે છે, પરંતુ ટૂંક સમયમાં જ તે મહિલા સશક્તિકરણ, આતંકવાદ, રાજકારણ, ભ્રષ્ટાચાર અને સત્તાની લડાઈ જેવા અનેક મુદ્દાઓનો બોજ ઉઠાવવા લાગે છે. આના કારણે મૂળ વાર્તા પાછળ રહી જાય છે. અંતરાલ પછી ફિલ્મ સંપૂર્ણપણે વિખેરાઈ જાય છે અને એવું લાગે છે કે દરેક બીજો દ્રશ્ય ફક્ત વિજયની છબીને વધુ મોટી બનાવવા માટે લખવામાં આવ્યો છે. વિજય હંમેશની જેમ પૂરા આત્મવિશ્વાસ સાથે જોવા મળે છે. એન્ટ્રી, એક્શન, સંવાદ અને સ્ક્રીન પ્રેઝન્સમાં તેમનો જલવો યથાવત છે. પરંતુ જ્યારે પટકથા જ નબળી હોય ત્યારે તેમનો સ્ટારડમ પણ ફિલ્મને વધુ દૂર લઈ જઈ શકતો નથી. મમિતા બૈજુ સૌથી વધુ પ્રભાવિત કરે છે.

# આમિર ખાને અશ્નીર ગ્રોવરની બાયોપિક સાથે છેડો ફાડ્યો

## સર્જનાત્મક મતભેદો પછી પ્રોજેક્ટ છોડ્યો, શ્રદ્ધા કપૂર નવા યંગ એક્ટર સાથે ફિલ્મ બનાવશે

મુંબઈ

બોલિવૂડ એક્ટર આમિર ખાન 'ભારતપે'ના પૂર્વ કો-ફાઉન્ડર અને બિઝનેસમેન અશ્નીર ગ્રોવરની બાયોપિકમાંથી બહાર થઈ ગયો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ફિલ્મના ડિરેક્ટર રાહુલ મોદી સાથે ક્રિએટિવ ડિફરન્સને કારણે આમિરે આ પ્રોજેક્ટ છોડવાનો નિર્ણય કર્યો છે.

પહેલા સમાચાર હતા કે, આમિર આ ફિલ્મમાં અશ્નીર ગ્રોવરની ભૂમિકા ભજવવાના હતા. તેની સાથે શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં હતી. આમિરના ફિલ્મ છોડવા છતાં મેકર્સ આ પ્રોજેક્ટ પર કામ ચાલુ રાખશે. હવે શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી અશ્નીરના રોલ માટે કોઈ એક્ટરની શોધ કરી રહ્યા છે. ક્રિએટિવ ડિફરન્સને કારણે આમિર અલગ થયો આમિર ખાનને સ્ટાર્ટઅપ્સની દુનિયા ખૂબ પસંદ છે. તે અશ્નીર ગ્રોવરની બાયોપિકને લઈને ખૂબ ઉત્સુક હતો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર તેણે પોતે ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કર્યું હતું અને તેને પોતાના હિસાબે તૈયાર કરવાનો પ્રયાસ કર્યો. જોકે, સ્ક્રિપ્ટ અને ફિલ્મના ડિરેક્શનને લઈને ડિરેક્ટર રાહુલ મોદી અને આમિરના વિચારો અલગ હતા. સતત વાતચીત પછી પણ જ્યારે સંમતિ ન બની, ત્યારે આમિરે પોતાને આ પ્રોજેક્ટથી અલગ કરી લીધો. મેકર્સને નવા યંગ એક્ટરની શોધ આમિર ખાનના હટ્યા પછી પણ બાયોપિક પર કામ બંધ થયું નથી. ડિરેક્ટર રાહુલ મોદી અને એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર ફિલ્મને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. હવે મેકર્સ અશ્નીર ગ્રોવરના રોલ માટે કોઈ યુવા એક્ટરની શોધ કરી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, મેકર્સની ઈન્ડસ્ટ્રીના બે થી ત્રણ મોટા યુવા એક્ટર્સ સાથે વાતચીત ચાલી રહી છે અને ટૂંક સમયમાં મુખ્ય પાત્રના નામ પર મહોર લાગી શકે છે. ફિલ્મમાં એક્ટિંગની સાથે પ્રોડક્શન પણ સંભાળશે શ્રદ્ધા આ બાયોપિકમાં શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તે ફિલ્મમાં અશ્નીર ગ્રોવરની પત્ની માધુરી જૈન ગ્રોવરનું પાત્ર ભજવી શકે છે. આ ઉપરાંત, શ્રદ્ધા કપૂર એક મોટા સ્ટુડિયો સાથે મળીને આ ફિલ્મનું નિર્માણ પણ કરી રહી છે. એક્ટર અને પ્રોડ્યુસર તરીકે આ ફિલ્મ શ્રદ્ધાના કરિયરનો મોટો પ્રોજેક્ટ માનવામાં આવી રહી છે.





# સુનિધિ ચૌહાણે કેમ છોડી દીધો રિયાલિટી શો? ગાયિકાએ જણાવ્યું મુખ્ય કારણ

## સુનિધિએ પોતાનો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે ભૂતકાળમાં માત્ર સ્પેશિયલ ઈફેક્ટ્સ માટે જ ઓટો-ટ્યુન કે મેલોડાઇનનો ઉપયોગ થતો હતો

મુંબઈ

બોલિવૂડની લોકપ્રિય ગાયિકા સુનિધિ ચૌહાણે સિંગિંગ રિયાલિટી શો જજ કરવાનું બંધ કરવા પાછળનું સાચું કારણ જણાવ્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે ખુલાસો કર્યો કે તેઓ લાંબા સમય સુધી આવા શોનો હિસ્સો રહ્યા હતા, પરંતુ બાદમાં તેમને અનુભવ થયો કે આ જગ્યા તેમના માટે યોગ્ય નથી.

વાસ્તવિકતા અને સંગીતમાં ઓટો-ટ્યુનનો વિરોધ સુનિધિએ પોતાનો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે ભૂતકાળમાં માત્ર સ્પેશિયલ ઈફેક્ટ્સ માટે જ ઓટો-ટ્યુન કે મેલોડાઈનનો ઉપયોગ થતો હતો. પરંતુ રિયાલિટી શોમાં જ્યાં સંપૂર્ણપણે વાસ્તવિક અને પ્રામાણિક રહેવું પડે છે, ત્યાં આવી બાબતો સ્વીકાર્ય નથી. આ જ કારણોસર તેમણે આ શોથી દૂર રહેવાનું યોગ્ય માન્યું. આ વાતચીત દરમિયાન લાઈવ પરફોર્મન્સના પડકારો પર પણ ચર્ચા થઈ હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સ્ટેજ પર ક્યારેય અસ્વસ્થતા કે અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે, ત્યારે સુનિધિએ કહ્યું કે તેઓ ખૂબ નસીબદાર છે કે તેમને લોકો તરફથી હંમેશાં માત્ર પ્રેમ જ નહીં પરંતુ અપાર આદર પણ મળ્યો છે.

બોલિવૂડની લોકપ્રિય ગાયિકા સુનિધિ ચૌહાણે સિંગિંગ રિયાલિટી શો જજ કરવાનું બંધ કરવા પાછળનું સાચું કારણ જણાવ્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે ખુલાસો કર્યો કે તેઓ લાંબા સમય સુધી આવા શોનો હિસ્સો રહ્યા હતા, પરંતુ બાદમાં તેમને અનુભવ થયો કે આ જગ્યા તેમના માટે યોગ્ય નથી.

વાસ્તવિકતા અને સંગીતમાં ઓટો-ટ્યુનનો વિરોધ સુનિધિએ પોતાનો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે ભૂતકાળમાં માત્ર સ્પેશિયલ ઈફેક્ટ્સ માટે જ ઓટો-ટ્યુન કે મેલોડાઈનનો ઉપયોગ થતો હતો. પરંતુ રિયાલિટી શોમાં જ્યાં સંપૂર્ણપણે વાસ્તવિક અને પ્રામાણિક રહેવું પડે છે, ત્યાં આવી બાબતો સ્વીકાર્ય નથી. આ જ કારણોસર તેમણે આ શોથી દૂર રહેવાનું યોગ્ય માન્યું. આ વાતચીત દરમિયાન લાઈવ પરફોર્મન્સના પડકારો પર પણ ચર્ચા થઈ હતી.

# વિદ્યાર્થીઓ માટે બહાર આવ્યું બોલિવૂડ!: સલમાનનો સપોર્ટ, આલિયા થઈ ઈમોશનલ



મુંબઈ

લાંબા સમયના મૌન પછી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ સાથે થયેલી હિંસા વિરુદ્ધ અવાજ ઉઠાવનાર સલમાન ખાન પહેલા સુપરસ્ટાર બની ગયો છે. તેણે માત્ર વિદ્યાર્થીઓ સાથે થયેલી હિંસાની સખત નિંદા જ નથી કરી, પરંતુ તેના વિરોધ પ્રદર્શનને યોગ્ય ઠેરવ્યું. તેણે આશા વ્યક્ત કરી છે કે સરકાર જલ્દી જ તેનો સાથ આપશે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારો થશે. સાથે જ એક્ટરે કહ્યું કે આ માત્ર વિદ્યાર્થીઓ અને શિક્ષણનો મુદ્દો છે, તેને રાજકીય રંગ આપવાનો પ્રયાસ ન કરવો જોઈએ. સલમાન ખાને પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોતાના શાળાના દિવસોની એક તસવીર શેર કરીને લખ્યું- આ એક અત્યંત શાંતિપૂર્ણ આંદોલન હતું. એ જોઈને ખૂબ દુઃખ થાય છે કે તેને હિંસક વળાંક લેવો પડ્યો. આ આંદોલનમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ છે.પેપર લીક એક ખૂબ જ ગંભીર મુદ્દો છે. એ જોઈને ખુશી થાય છે કે આપણા દેશના વિદ્યાર્થીઓ સારી શિક્ષણ વ્યવસ્થાની માંગ માટે એકજૂટ થઈને આગળ આવ્યા છે અને તેમના માતા-પિતાએ પણ તેમનો સાથ આપ્યો છે. આગળ સલમાને લખ્યું- 'હું વિદ્યાર્થીઓના આ પગલાની દિલથી પ્રશંસા કરું છું. તેણે જે સમર્પણ, ઈમાનદારી અને મહેનતથી ભણીને પોતાનું ભવિષ્ય બનાવવાનો જુસ્સો બતાવ્યો છે, તે પ્રશંસનીય છે. આ જ યુવા પેઢી એક શિક્ષિત અને મજબૂત ભારતનું નિર્માણ કરશે અને દેશનું નામ રોશન કરશે.' સલમાને આગળ લખ્યું, 'આ આંદોલન અને વિરોધ પ્રદર્શન બિલકુલ સાચી દિશામાં કરવામાં આવ્યું છે અને વિદ્યાર્થીઓએ તેને સંપૂર્ણપણે શાંતિપૂર્ણ રીતે આગળ વધાર્યું છે. તેમનું સાહસ, હિંમત અને શિક્ષણ પ્રત્યેનું સમર્પણ પ્રેરણાદાયક છે.' 'આ મુદ્દો વિદ્યાર્થીઓ અને શિક્ષણ વ્યવસ્થા વચ્ચેનો છે. તેને રાજકીય રંગ આપવો ન જોઈએ. તેનો સંપૂર્ણ શ્રેય ફક્ત આપણા દેશના વિદ્યાર્થીઓને મળવો જોઈએ. મને પૂરો વિશ્વાસ છે કે સરકાર પણ તેમનો સાથ આપશે અને આપણી શિક્ષણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સકારાત્મક પગલાં લેશે.

## ટોપ-4 માં 3 ભારતીય, રોહિત-કોહલી અને ગિલ

# ICC ODI Rankingમાં ભારતીય ખેલાડીઓનો દબદબો

મુંબઈ

આઈસીસી દ્વારા બુધવારે તાજી વનડે બેટર રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. આ નવી રેન્કિંગમાં ભારતીય ક્રિકેટરોના દબદબાનો ડંકો વાગી રહ્યો છે. વિશ્વના શ્રેષ્ઠ ચાર બેટરોમાં 3 સ્થાન ભારતીય ખેલાડીઓએ પોતાના નામે રાખ્યા છે. જેમાં ભારતના સુકાની શુભમન ગિલ, પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને રન મશીન વિરાટ કોહલીનો સમાવેશ થાય છે. નંબર-1 બનવાથી માત્ર 1 પોઈન્ટ દૂર શુભમન ગિલ આઈસીસી વનડે બેટિંગ રેન્કિંગમાં ન્યુઝીલેન્ડના ડેરિલ મિચેલ 802 રેટિંગ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને બરકરાર છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલ નંબર-1 સ્થાન મેળવવાથી માત્ર એક ડગલું દૂર રહી ગયો છે. ગિલ 801 રેટિંગ પોઈન્ટ સાથે બીજા ક્રમે મજબૂત સ્થિતિમાં છે. વિરાટ કોહલી અને રોહિત શર્માનું શાનદાર પ્રદર્શન ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝમાં




ઉત્કૃષ્ટ બેટિંગ કરનારા વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ Top-4 માં સ્થાન ધરાવે છે: વિરાટ કોહલી (નંબર-3): વિરાટ કોહલી આ યાદીમાં ત્રીજા સ્થાને છે. તેણે ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં 65 રન અને ત્રીજી વનડેમાં 74 રનની દમદાર ઈનિંગ્સ રમી હતી. રોહિત શર્મા (નંબર-4): રોહિત શર્મા 758 રેટિંગ પોઈન્ટ સાથે ચોથા નંબરે છે. તેણે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડેમાં લૉર્ડ્સના ઐતિહાસિક મેદાન પર 138 રનની યાદગાર સદી ફટકારી હતી. જો રૂટે લગાવી 4 સ્થાનની લાંબી છલાંગ ભારત સામે તાજેતરમાં રમાયેલી વનડે સિરીઝમાં પ્લેયર ઓફ ધ સિરીઝ બનેલા ઈંગ્લેન્ડના જો રૂટની રેન્કિંગમાં મોટો ઉછાળો મળ્યો છે.

પ્રથમ વનડેમાં અણનમ 99 રન અને બીજી વનડેમાં અણનમ 74 રન બનાવવાનો રૂટને સીધો ફાયદો થયો છે. જો રૂટ 674 પોઈન્ટ સાથે 12મા સ્થાનેથી 4 ક્રમ ઉપર ચડીને સીધા 8મા સ્થાને પહોંચી ગયા છે.ડેરિલ મિચેલ , ન્યુઝીલેન્ડ, શુભમન ગિલ ભારત, વિરાટ કોહલી ભારત,રોહિત શર્મા ભારત, ઈબ્રાહિમ ઝાદરાન અફઘાનિસ્તાન, બાબર આઝમ પાકિસ્તાન, હેરી ટેક્ટર આયર્લેન્ડ, જો રૂટ ઈંગ્લેન્ડ,શાઈ હોપ વેસ્ટ ઈન્ડિઝ ,ચરિથ અસલંકા શ્રીલંકા.

## ટીમ ઈન્ડિયાના 6 ખેલાડીઓ ઈજાગ્રસ્ત

મુંબઈ

BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)માં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની લાઈન લાગી ગઈ છે. હાર્દિક પંડ્યા, નીતિશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા સહિત 6 મોટા ખેલાડીઓ હાલ ઈજા સામે ઝૂઝી રહ્યા છે.

ટીમ ઈન્ડિયા મેદાનમાં તો ખરાબ પ્રદર્શન કરી જ રહી છે, પરંતુ તેના ખેલાડીઓની ફિટનેસના પણ ખરાબ હાલ છે. ટીમ ઈન્ડિયાના એક નહીં, બે નહીં પરંતુ 6-6 ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે. રિપોર્ટ અનુસાર બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં ક્રિકેટરોની ભીડ જામેલી છે. રિપોર્ટ્સનું માનીએ તો, સપ્તાહના અંત સુધીમાં COEમાં 12 ખેલાડીઓ પહોંચી શકે છે. મતલબ કે 12 ખેલાડીઓ એવા છે, જેમની ફિટનેસ ખરાબ છે. આ ખેલાડીઓમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ સહિત સ્થાનિક (ડોમેસ્ટિક) ક્રિકેટરો પણ સામેલ છે.

કયા ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે? ટીમ ઈન્ડિયાના જે ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે, તેમાં હાર્દિક પંડ્યા અને નીતિશ કુમાર રેડ્ડીનું નામ સામેલ છે. આ સિવાય ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણા પણ સેન્ટર ઓફ એક્સેલન્સમાં હાજર છે. આકાશ દીપ પહેલાથી જ ત્યાં હાજર છે, જ્યારે વોશિંગ્ટન સુંદર અને બીજા કેટલાક ખેલાડીઓ પણ બેંગલુરુ પહોંચવાના છે.

રિપોર્ટ્સ મુજબ શ્રીલંકા ટેસ્ટ સિરીઝમાં રમવા જઈ રહેલા કેટલાક ખેલાડીઓને પણ ફિટનેસની તપાસ માટે બોલાવવામાં આવ્યા છે. જેમાં મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાનું નામ સામેલ છે.

### 3,000+ એથ્લેટ્સ વચ્ચે મુકાબલો થશે

## કોમનવેલ્થ ગેમ્સ 2026: 125 ભારતીય ખેલાડીઓ 8 રમતમાં ભાગ લેશે

નવી દિલ્હી

કોમનવેલ્થ ગેમ્સ 2026નું આયોજન 23 જુલાઈથી 2 ઓગસ્ટ સુધી સ્કોટલેન્ડના ગ્લાસગોમાં થશે. આ કોમનવેલ્થ ગેમ્સની 23મી એડિશન છે, જેમાં 74 દેશોના 3,000થી વધુ ખેલાડીઓ 10 રમતોમાં મેડલ માટે મુકાબલો કરશે. 215 મેડલ ઈવેન્ટ્સમાં કુલ 1,168 મેડલ દાવ પર હશે. ભારતના 126 ખેલાડીઓ 8 રમતોમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. જોકે, આ વખતે શૂટિંગ, કુશ્તી અને બેડમિન્ટન જેવી રમતો કોમનવેલ્થ ગેમ્સનો હિસ્સો નહીં હોય. આ સ્ટોરીમાં જાણો કોમનવેલ્થ ગેમ્સ




2026 વિશે બધું જ કોમનવેલ્થ ગેમ્સ ક્યારે અને કેવી રીતે શરૂ થઈ? કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત 1930માં કેનેડાના હેમિલ્ટનમાં થઈ હતી. ત્યારે તેને બ્રિટિશ એમ્પાયર ગેમ્સ કહેવામાં આવતી હતી. પ્રથમ એડિશનમાં બ્રિટિશ સામ્રાજ્ય સાથે જોડાયેલા 11 દેશોના 400થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં એથ્લેટિક્સ, બોક્સિંગ, લોન બોલ્સ, રોઈંગ, સ્વિમિંગ અને રેસલિંગ (કુશ્તી) જેવી રમતો સામેલ હતી. 1930થી 1950 સુધી આ ટૂર્નામેન્ટને બ્રિટિશ એમ્પાયર ગેમ્સ કહેવામાં આવી. 1954માં એનું નામ બદલીને બ્રિટિશ એમ્પાયર એન્ડ કોમનવેલ્થ ગેમ્સ કરવામાં આવ્યું. 1970માં તે બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ બની અને 1978થી તેને કોમનવેલ્થ ગેમ્સના નામે ઓળખવામાં આવે છે. એનું આયોજન સામાન્ય રીતે દર ચાર વર્ષે થાય છે. એનો હેતુ કોમનવેલ્થ દેશોના ખેલાડીઓને મોટા ઈન્ટરનેશનલ મંચ પર કોમ્પિટિશનની તક આપવાનો છે.

# ભારતે ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવ્યું, સિરીઝમાં 1-0ની લીડ મેળવી

## વૈભવ સૂર્યવંશી T20 ઇન્ટરનેશનલમાં ફિફ્ટી ફટકારનાર સૌથી યંગેસ્ટ પ્લેયર

મુંબઈ

ભારતે પહેલી T20માં ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવીને સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે. હરારેમાં ઝિમ્બાબ્વેએ પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટે 125 રન બનાવ્યા હતા.

જવાબમાં ભારતે 13.2મી ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. વૈભવ સૂર્યવંશીએ 15 વર્ષ 118 દિવસની ઉંમરે ફિફ્ટી ફટકારીને ઈતિહાસ રચ્યો. તે T20 ઈન્ટરનેશનલમાં ફિફ્ટી ફટકારનાર વિશ્વનો સૌથી નાની વયનો બેટર બની ગયો છે. તેણે ઝીબ્રાલ્ટરના લુઈસ બ્રુસનો રેકોર્ડ તોડી નાખ્યો. બ્રુસે 16 વર્ષ 56




દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી.

શ્રેયસ અય્યરની કેપ્ટનશીપમાં ભારતની આ પહેલી જીત પણ રહી. આ પહેલાં તેણે આયર્લેન્ડ સિરીઝમાં 2-0 અને ઈંગ્લેન્ડ સિરીઝમાં 4-0થી હારનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ, ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા ઝિમ્બાબ્વે તરફથી વેસ્લી મધેવેરેએ સૌથી વધુ 39 રનની ઈનિંગ્સ રમી. અંતમાં તદિવાનાશે મરુમાનીએ અણનમ 27 રન ઉમેરીને ટીમને 100ને પાર પહોંચાડી. ભારત તરફથી મયંક યાદવ અને પ્રિન્સ યાદવે 2-2 વિકેટ લીધી. મયંક ઈનિંગ્સના પહેલા જ બોલ પર બ્રાયન બેનેટને આઉટ કર્યો અને ત્યારબાદ ડિયોન માયર્સની વિકેટ પણ ઝડપી. શિવમ દુબે અને રવિ બિશ્નોઈને 1-1 વિકેટ મળી. વેસ્લી મધેવેરે રન આઉટ થયો. ભારતે ઝિમ્બાબ્વેને પહેલી T20માં 7 વિકેટે હરાવ્યું. 126 રનના ટાર્ગેટને ચેઝ કરતાં ભારતે 13.2 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 126 રન બનાવી લીધા. બ્લેસિંગ મુઝારાબાનીએ 12મી ઓવરમાં ભારતને બીજો ઝટકો આપ્યો. તેણે ઈશાન કિશનને 24 બોલમાં 35 રનના સ્કોર પર આઉટ કર્યો. બોલ વધારાના ઉછાળ સાથે બેટના ઉપલા ભાગ પર વાગ્યો અને કવર પર ઊભેલા ડીયોન માયર્સે કેચ ઝડપી લીધો. વૈભવ સૂર્યવંશીએ 15 વર્ષ 118 દિવસની ઉંમરે અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો. તે T20 ઈન્ટરનેશનલમાં ફિફ્ટી ફટકારનાર સૌથી નાની વયના બેટર બની ગયો છે. તેણે 16 વર્ષ 56 દિવસની ઉંમરે અડધી સદી ફટકારનારા જીબ્રાલ્ટરના લુઈસ બ્રુસનો રેકોર્ડ તોડ્યો.



### AISTA, ISMA અને NFCSFએ પણ પૂરતો જથ્થો હોવાની પુષ્ટિ કરી

## દેશમાં ખાંડની અછત, અચાનક ભાવમાં થયો વધારો

મુંબઈ

છેલ્લા એક મહિનામાં ફેક્ટરી સ્તરે ખાંડની કિંમતોમાં અંદાજે 15%નો વધારો થતાં બજારમાં અછત સર્જાવાની આશંકાઓ ઊભી થઈ હતી. જોકે, ઓલ ઈન્ડિયા શુગર ટ્રેડ એસોસિએશન (AISTA)એ સ્પષ્ટતા કરી છે કે આ અફવાઓ નિરાધાર છે. દેશમાં સ્થાનિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે ખાંડનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. સભ્યો અને વેપારીઓને ગભરાટથી દૂર રહેવા અપીલ. AISTAએ પોતાના 700થી વધુ સંબંધિત સભ્યો અને સંગઠનોને સંદેશ મોકલીને જણાવ્યું છે કે દેશમાં ખાંડની કોઈ કમી નથી. ભારતીય શુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA) અને



નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ શુગર ફેક્ટરીઝ (NFCSF) દ્વારા પણ પૂરતો જથ્થો હોવાની પુષ્ટિ કરાઈ છે. આ ઉપરાંત 2026-27ની પિલાણ સીઝન પણ વહેલી શરૂ કરવા સહમતિ સધાઈ છે. કિંમતોમાં ઉછાળાથી અછતની ખોટી ભ્રમણા ઊભી થઈ. AISTAના ચેરમેન પ્રફુલ્લ વિઠલાણીએ જણાવ્યું કે 'તાજેતરમાં ભાવ વધવાના કારણે બજારમાં અછતની બિનજરૂરી ભ્રમણા ઊભી થઈ છે.'

તેમણે ખાંડ મિલો, હોલસેલ વેપારીઓ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ સંગ્રહખોરી કે પેનિક બાયિંગથી દૂર રહે અને દેશભરમાં સરળ પુરવઠો જાળવી રાખવામાં મદદ કરે. અફવાઓ અને સંગ્રહખોરી રોકવા સૂચના. સંગઠને તમામ પક્ષોને સટ્ટાખોરી કરવા કે ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા વિનંતી કરી છે. સાથે જ આગામી સમયમાં હવામાન અનુકૂળ રહેતાં શેરડીની કાપણી અને પિલાણ કામગીરી વિના કોઈ અડચણે ચાલુ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### કિયોસાકીએ વૈશ્વિક અર્થતંત્રના પતનની ચેતવણી આપી

## 'ગ્લોબલ ઇકોનોમી ક્રેશ થઇ રહી છે, કિયોસાકીએ કહ્યું- મેં પહેલા જ કરી હતી આ ભવિષ્યવાણી

**કિયોસાકીએ રોકાણકારોને સોના-ચાંદી અને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરીને આર્થિક સંકટનો સામનો કરવાની સલાહ આપી છે. તેમની આ પોસ્ટને 4 લાખથી વધુ વ્યુઝ મળ્યા છે, જે વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની છે.**

મુંબઈ

વિશ્વભરમાં મિડલ ઈસ્ટના યુદ્ધના કારણે વૈશ્વિક તણાવ ચરમસીમાએ છે, કાચા તેલના ભાવમાં સતત વધારો થવાથી ફુગાવાનો ખતરો મંડરાઈ રહ્યો છે અને શેરબજારોમાં ભારે અસ્થિરતાનો માહોલ છે. આ તમામ પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે વિશ્વ વિખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ વૈશ્વિક અર્થતંત્રને લઈને ફરી એકવાર અત્યંત ડરામણી ચેતવણી આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર તેમની એક લેટેસ્ટ પોસ્ટ ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે, જેમાં તેમણે વૈશ્વિક અર્થતંત્ર સંપૂર્ણપણે ક્રેશ થઈ રહ્યું હોવાનો દાવો કર્યો છે. રોબર્ટ કિયોસાકીએ આ વાયરલ પોસ્ટમાં લખ્યું છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થા અત્યારે પતનના આરે છે. મેં મારા પુસ્તક 'રિચ ડેડ્સ પ્રોફેસી'માં આ ભયંકર ક્રેશ વિશે ખૂબ જ પહેલાં ભવિષ્યવાણી કરી દીધી હતી. જે લોકોએ તે પુસ્તકમાં આપવામાં આવેલી માર્ગદર્શિકા અને



સલાહનું પાલન કર્યું હતું, તેઓ આજે આ કપરા સમયમાં પણ સુરક્ષિત અને ઠીક છે. 'હજુ પણ ઘણું મોડું થયું નથી' પોતાની પોસ્ટમાં કિયોસાકીએ રોકાણકારો અને સામાન્ય લોકોને હિંમત આપતા મહત્ત્વની સલાહ આપી છે કે, આ આર્થિક સંકટ વચ્ચે પણ પોતાની વ્યૂહનીતિ બદલવામાં હજુ બહુ મોડું થયું નથી. તેમના મતે, દરેક મોટા આર્થિક ક્રેશ દરમિયાન જ્યાં લાખો લોકો બરબાદ થઈ જાય છે, ત્યાં જ કેટલાક એવા પણ ચતુર લોકો હોય છે જેઓ યોગ્ય રોકાણ કરીને પહેલા કરતાં પણ વધુ અમીર બને છે. કિયોસાકીએ ઉમેર્યું કે, રોબર્ટ કિયોસાકી અગાઉ પણ ઘણી વખત આવી ગ્લોબલ ક્રેશ ચેતવણીઓ આપી ચૂક્યા છે. સોશિયલ મીડિયા પર તેમના 2.9 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે અને તેઓ સતત રોકાણ અંગે ટિપ્સ આપતા રહે છે. જો તેમની અગાઉની પોસ્ટ્સ પર નજર કરીએ તો, તેઓ આવી કટોકટીમાં બચવા અને અમીર બનવા માટે સોના-ચાંદી તેમજ ક્રિપ્ટોકરન્સીને શ્રેષ્ઠ માધ્યમ ગણાવે છે. સોના-ચાંદીમાં રોકાણ: ગત મે મહિનામાં પણ કિયોસાકીએ જણાવ્યું હતું કે મુશ્કેલીના સમયમાં સોનું અને ચાંદી જ સાચો સહારો બને છે. તેમણે એક નિષ્ણાતના અંદાજનો હવાલો આપીને દાવો કર્યો હતો કે આગામી સમયમાં સોનાની કિંમત 100,000 ડોલર (આશરે 95 લાખ રૂપિયાથી વધુ) સુધી પહોંચી શકે છે, જ્યારે ચાંદી માટે તેમણે 200 ડોલરનો ટાર્ગેટ આપ્યો છે.

### આગામી તહેવારાને લઈને રિટેલરો વેચાણ વૃદ્ધિ માટે આશાવાદી


## ઊંચા ફુગાવા વચ્ચે જૂનમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે 6 ટકા વધારો

મુંબઈ

વર્તમાન વર્ષના જૂનમાં દેશમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે સરેરાશ ૬ ટકા વધારો થયાનો રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય) દ્વારા અંદાજ મૂકવામાં આવ્યો છે.

સાવચેતીભર્યા ખર્ચ વાતાવરણ અને ઊંચા ફુગાવા વચ્ચે પણ ઉપભોગ માગમાં સ્થિરતા જોવા મળી રહી છે. ખાદ્ય પદાર્થ તથા ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટસની આગેવાની હેઠળ એકંદર રિટેલ વેચાણમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું રાયના સુત્રોએ જણાવ્યું હતું.

ખાદ્ય પદાર્થ તથા ગ્રોસરીના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકા જ્યારે ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટસના વેચાણમાં ૯ ટકા વધારો




જોવા મળ્યો છે. પગરખાંના વેચાણમાં ૮ ટકા, કન્ઝયૂમર ડયૂરેબલ્સ તથા ઈલેકટ્રોનિકસમાં સાત ટકા વૃદ્ધિ જોવા મળી છે. આ ઉપરાંત જવેલરી તતા એપરલની માગ પણ ગયા મહિને વધી હોવાનું જોવા મળ્યું છે.

ભારતના ઉપભોગતાઓમાં ખર્ચ કરવાનો ઈરાદો અકબંધ છે, પરંતુ નાણાં ખર્ચવામાં તેઓ મૂલ્યની દ્રષ્ટિએ સાવચેતી ધરાવી રહ્યા હોવાનું પણ સુત્રોએ ઉમેર્યું હતું.

જૂનમાં માગમાં વધારાને ધ્યાનમાં રાખી રિટેલરો આગામી તહેવારોની મોસમને લઈને આશાવાદ ધરાવી રહ્યા છે.

દેશમાં સૌથી વધુ વેચાણ વૃદ્ધિ આઠ ટકા સાથે પશ્ચિમના રાજ્યોમાં થઈ છે જ્યારે ઉત્તરમાં આ આંક ૭ ટકા રહ્યો છે અને દક્ષિણ તથા પૂર્વના રાજ્યોમાં આ આંક અનુક્રમે ૬ ટકા તથા ૪ ટકા રહ્યો છે. રિટેલરો પોતાના ગ્રાહકોને જાળવી રાખવા તથા તેમના આગામી માગ ટ્રેન્ડ જાણવા ટેકનોલોજીનો મોટેપાયે ઉપયોગ કરી રહ્યાનું પણ જોવા મળી રહ્યું છે.

## સેન્સેક્સ 364 પોઈન્ટ ઘટીને 76,391 પર બંધ

- **નિફ્ટી 127 પોઈન્ટ ઘટીને 23,870 પર આવ્યો, ફાર્મા અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 23 જુલાઈએ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 364 પોઈન્ટના ઘટાડા સાથે 76,391 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 127 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 23,870 પર બંધ થયો. રિયલ્ટી, એનર્જી અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી રહી.



ક્રૂડ ઓઈલ 98 ડોલર પર પહોંચ્યું આજે બ્રેન્ટ ક્રૂડમાં લગભગ 4%નો વધારો જોવા મળ્યો છે. તે 98 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. નિષ્ણાતોનું માનવું છે કે જો અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધશે તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે.આ પહેલાં ગઈકાલે એટલે કે 22 જુલાઈએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 715 પોઈન્ટના ઘટાડા સાથે 76,755 ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 191 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 23,996 પર બંધ થયો હતો.



# ભારે વરસાદે અમદાવાદને ધમરોળ્યું

**અતિભારે વરસાદે અમદાવાદને બાનમાં લીધું છે. બંગલોમાં પાણી ઘૂસી ગયા છે. શહેરમાં અનેક સોસાયટીઓ ડૂબી છે. જ્યાં જુઓ ત્યાં માત્ર પાણી જ જોવા મળી રહ્યું છે. ઠેર-ઠેર ટ્રાફિક જામની સ્થિતિમાં વાહન ચાલકો ફસાયા છે તો પેલેડિયમ મોલ આગળ CM પણ થોડીવાર માટે ફસાયા હતા. સિંધુભવન, એસ.જી. હાઈવે અને બોપલ જેવા પોશ વિસ્તારોમાં પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વાસણા બેરેજના દરવાજા પણ ખોલી નખાયા છે. આ વિકટ પરિસ્થિતિ વચ્ચે થલતેજ મેટ્રો સ્ટેશન નીચેથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. ભારે વરસાદના કારણે અમદાવાદની તમામ સ્કૂલોમાં 24 જુલાઈની રજા જાહેર કરવામાં આવી છે. શહેરમાં સવાર સુધીનું રેડ એલર્ટ છે. તેમજ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ લોકોને કામ વિના બહાર ન નીકળવા અપીલ કરી છે.**










## » ઉત્તર અને દક્ષિણ ઝોનમાં 104 સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયા

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે 3 કલાકમાં 6 ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. બોપલમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. સરખેજ, બોપલ, જોધપુર સહિતના વિસ્તારોમાં વરસાદ ખૂબ પડ્યો છે. મેયર સહિતના પદાધિકારીઓ સાથે સ્થળ પર વિઝીટ કરવામાં આવી છે. બોપલ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા છે.


અમદાવાદમાં વધારે વરસાદના પગલે બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને સ્ટાફમાં વધારો કરવામાં આવ્યો છે. તમામ મદદ લોકોને કરવામાં આવશે. 26 જેટલા વરુણ પંપ દ્વારા પાણી કાઢવાની કામગીરી કરવામાં આવે છે.

શહેરીજનોને અપીલ છે કે વરસાદના પગલે લોકો અત્યારે પાણી ઉકાળું અને ક્લોરિનયુક્ત પાણી પીવે એવી અપીલ છે. આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી છે જેના પગલે લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરીએ છીએ. ક્યાંય પણ સ્ટ્રીટલાઈટના પોલને અડકવું નહીં. શહેર પોલીસ સાથે સંકલન કરી AMC અને ટ્રાફિક પોલીસ સાથે રહીને કામગીરી કરવામાં આવી છે. લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરવામાં આવી છે. વરસાદી પાણીના નિકાલની કામગીરી હાલમાં ચાલી રહી છે. પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઉત્તર અને દક્ષિણ ઝોનમાં 104 જેટલી સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયેલા છે. જેમાં નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ભૂગોળ મુજબ બોપલ અને ઘુમા તરફનો ઢાળ છે અને રકાબી જેવો વિસ્તાર છે.

- **શીલજ જળબંબાકાર, દુકાનોમાં પાણી ઘૂસ્યા :** શીલજ ગામમાં પણ ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ગામમાં પ્રવેશવાના ગેટ પાસેથી જ કમરસમા પાણી ભરાઈ ગયા હતા. તેમજ દુકાનોમાં પણ પાણી ઘૂસી જતા લોકો પાણી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.
- **અખબારનગર અને મકરબા અંડરપાસ બંધ :** અમદાવાદ શહેરમાં સવારથી પડેલા ભારે વરસાદના કારણે અખબારનગર અને મકરબા અંડરપાસ બંધ છે. મીઠાખળી અને પરિમલ અંડર પાસમાં સફાઈની કામગીરી પૂરી થવા આવી છે અને અંદાજિત 30 મિનિટમાં શરૂ કરશે
- **કોમર્સ છ રસ્તા પાસે બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં પાણી ભરાયા :** કોમર્સ છ રસ્તા પાસે બેઝમેન્ટમાં આવેલી દુકાનોમાં વરસાદી પાણી ભરાયા છે. દુકાનોમાં 4 થી 5 ફૂટ જેટલા પાણી ભરાતા દુકાનદારો મુશ્કેલીમાં મુકાયા છે.દુકાનનો સામાન પણ ખરાબ થઈ ગયો છે.મોટા ભાગની ખાણીપીણીની દુકાનો હતો.દુકાનદારોએ જાતે જ ડોલ વડે પાણી બહાર કાઢ્યું છે.હાલ તમામ દુકાનો બંધ કરી દેવામાં આવી છે.
- **લા શ્રીનંદ નગર સોસાયટી બહાર કેડસમા પાણી :** શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલા શ્રીનંદ નગર સોસાયટી બહાર સોનલ સિનેમા રોડ પર વરસાદી પાણી ભરાયા છે. જ્યાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેનો નિકાલ લાવવા આવતો નથી.

## ■ વરસાદે અમદાવાદને ઊંઘતું ઝડપ્યું : કરોડોના બંગલા પણ પાણીમાં, દરિયામાં બોટની જેમ રોડ પર ગાડીઓ હિલોળે ચડી





સરેરાશ સાડા ચાર ઈંચ વરસાદે અમદાવાદને ઊંઘતું ઝડપ્યું છે. ખાસ કરીને બોપલ, સરખેજમાં અનરાધાર વરસાદે શહેરીજનોને બાનમાં લીધા છે. કરોડોના બંગલામાં પાણી ઘૂસી ગયા છે તો દરિયામાં બોટની જેમ રોડ પર ગાડીઓ હિલોળે ચડી છે. દુકાનોમાં પાણી ઘૂસી જતા વેપારીઓને ભારે નુકસાન થયું છે.

## આંગણવાડીમાં અનાજ ચોરીનું કૌભાંડ: વીડિયો વાયરલ થતા મહિલાનો ભાંડો ફૂટ્યો

અમદાવાદ

આનંદનગર વિસ્તારમાં આવેલી સરકારી આંગણવાડીમાંથી ગરીબ બાળકો અને સગર્ભા મહિલાઓ માટે ફાળવવામાં આવતા પોષણક્ષમ અનાજની ઉચાપત કરવાનું એક શરમજનક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કૃષ્ણધામ આંગણવાડી કેન્દ્રમાં ફરજ બજાવતા એક તેડાગર મહિલાએ રવિવારની રજાનો લાભ ઉઠાવી સરકારી અનાજનો જથ્થો બારોબાર વેચવાનો પેરવી કરી હતી. જોકે, આ ગેરરીતિ આચરતી વખતે એક જાગૃત નાગરિકે સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી લેતા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પકડાઈ જવાની બીકે ટેમ્પો ચાલક અનાજની બેગો પરત ઉતારીને નાસી છૂટ્યો હતો, જેના કારણે હજારો રૂપિયાનો સરકારી સામાન સગેવગે થતા બચી ગયો હતો અને તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો.



આ ઘટનાની તપાસ કરતા માલૂમ પડ્યું છે કે, વેજલપુરની રહેવાસી મનિષાબેન મીસ્ત્રી નામની તેડાગર મહિલાએ કૃષ્ણધામ કેન્દ્ર-૦૬ અને ૦૧ માંથી બાળશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિની કુલ ૩૭ બેગ બિનઅધિકૃત રીતે એકઠી કરી હતી. આશરે ૨૪,૫૬૫ રૂપિયાની કિંમતનો આ અનાજનો જથ્થો ખાનગી ટેમ્પોમાં ભરીને અન્ય સ્થળે વેચવા માટે મોકલવામાં આવી રહ્યો હતો. રવિવારના દિવસે આંગણવાડી બંધ હોવા છતાં કરવામાં આવેલી આ હિલચાલ શંકાસ્પદ જણાતા વીડિયો બનાવવામાં આવ્યો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

## આંતરરાજ્ય સાયબર ફ્રોડના નેટવર્કનો પર્દાફાશ કરી ત્રણ શખ્સોની ધરપકડ કરાઈ

**બોગસ કંપનીઓના નામે કરોડોના વ્યવહારો કરી 18 રાજ્યોમાં આચરેલી છેતરપિંડીના નાણાં ટ્રાન્સફર કરાતા હતા**

અમદાવાદ

આશ્રમ રોડ અને સીટીએમ વિસ્તારમાં સક્રિય સાયબર ગુનેગારોના એક મોટા નેટવર્કને સ્ટેટ સાયબર ક્રાઈમ વિભાગે ઝડપી પાડ્યું છે. આ ટોળકી વિદેશી, ખાસ કરીને ચાઈનીઝ ગેંગ દ્વારા આચરવામાં આવતી છેતરપિંડીના નાણાંની હેરફેર કરવા માટે ડમી બેંક એકાઉન્ટ્સ પૂરા પાડવાનું કામ કરતી હતી. પોલીસને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ એનાલિસિસના આધારે હાથ ધરાયેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, આશરે 2.86 કરોડ રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો આ એકાઉન્ટ્સ દ્વારા કરવામાં આવ્યા છે. આ કેસની ગંભીરતા એટલા માટે પણ વધી જાય છે કારણ કે આ છેતરપિંડીના તાર દેશના 18 જેટલા



વિવિધ રાજ્યો સાથે જોડાયેલા છે, જ્યાં છેતરપિંડીના અલગ-અલગ ગુનાઓ નોંધાયેલા છે.

તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે ધરપકડ કરાયેલા આરોપીઓ નિકુંજ પટેલ, દિક્ષીત પટેલ અને સુમિત સોનીએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે બે બનાવટી પેઢીઓ ઊભી કરી હતી. આશ્રમ રોડ પર આવેલા ઓક્સફોર્ડ એવન્યુમાં 'ટ્રાવેલ્સફ્લક્ષ પ્રાઈવેટ લિમિટેડ' અને સીટીએમ વિસ્તારમાં 'ટ્રાવોક્રેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ' નામે બોગસ કંપનીઓ ખોલીને તેના નામે કોર્પોરેટ બેંક ખાતાઓ મેળવવામાં આવ્યા હતા.

## એરપોર્ટ પર 1.14 કરડોના સોનાની દાણચોરીનો પર્દાફાશ

**પંકજ પટેલ નામનો ટૂર ઓપરેટર દરેક મુસાફરને 24 કેરેટના સોનાના દાગીના પ્લાસ્ટિકમાં પેક કરીને કપડાં અથવા ખિસ્સામાં છુપાવવા કરતો હતો મજબુર**

અમદાવાદ

એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટે સોનાની દાણચોરીના વધુ એક ગોઠવાયેલા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં મહેસાણા જિલ્લાના લીચ ગામના રહેવાસી અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા પંકજ પટેલની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન 21 જુલાઈના રોજ અબુધાબીથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં મુસાફરી કરીને આવેલા આઠ મુસાફરો પાસેથી કુલ 770.33 ગ્રામ 24 કેરેટના સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા સોનાની બજાર કિંમત અંદાજે રૂ. 1.14 કરોડ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પંકજ પટેલ મહેસાણા અને આસપાસના વિસ્તારોના લોકોને અબુધાબી પ્રવાસ માટે ટિકિટ અને ટૂરનું આયોજન કરી મોકલતો હતો. પરત ફરતી વખતે દરેક મુસાફરને 24 કેરેટના સોનાના દાગીના પ્લાસ્ટિકમાં પેક કરીને કપડાં અથવા ખિસ્સામાં છુપાવી ભારત લાવવાની સૂચના આપવામાં આવતી હતી. આ કામ બદલ મુસાફરોને પ્રતિ વ્યક્તિ રૂ. 7 હજારથી 10 હજાર સુધીની રકમ અથવા ટિકિટમાં રાહત આપવાની લાલચ આપવામાં આવતી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

કસ્ટમ્સની વધુ તપાસમાં જાણવા મળ્યું છે કે પંકજ પટેલ અગાઉ ઝડપાયેલા રાજ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક કિરીટ પટેલ માટે મુસાફરો એકત્ર કરવાની ભૂમિકા ભજવતો હતો. દરેક મુસાફર બદલ તેને અંદાજે રૂ. 3 હજારનું કમિશન મળતું હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI